dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

# VNSGU

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

स्वर्ण जयंती
1965 2015
Veer Narmad South Gujarat University, Surat

September/October 2015 | For private circulation only | Vol. 07 - Issue 159-160

સજન નેહ સંસ્કારિ ને શુધ્ધ થયેલો હોય,
ખરો નર્મદો નેહમાં, મુકિત પદારથ જોય.

– નર્મદ

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

એક માણસ માટે શિક્ષણ જન્મથી આરંભ થવું જોઈએ અને જિંદગીભર સતત ચાલુ રહેવું જોઈએ. ખરેખર, જો તમને શિક્ષણનું વધારે પરિણામ જોઈએ તો એ જીવનનાં પ્રારંભથી જ શરૂ થવું જોઈએ. આ સંજોગોમાં માતાથી શિક્ષણ પ્રક્રિયા પ્રારંભ થવી જોઈએ. એના અમલ માટે દ્વિપક્ષી પ્રતિક્રિયા હોવી જોઈએ. માતાએ પહેલા પોતાનો સુધાર કરવો જોઈએ અને પછી સંતાનના સ્વભાવ ઉપર લાગુ કરવું જોઈએ. જે સંતાન માતાના ગર્ભમાં આકાર પામે છે એમના ઉપર માતાનો પ્રભાવ ખાસ્સો રહે છે. માતાની અપેક્ષા અને વાસ્તવિક વિકાસ ઉપર પણ આ શિક્ષણનો પ્રભાવ દેખાય છે. એમની શિક્ષામાંથી એમને ખબર પડે છે કે એમનું ચિંતન સર્વદા સુંદર અને પવિત્ર હોવું જાઈએ અને એમની ભાવના મૂલ્યવાન અને વિકસીત હોવી જોઈએ. એમણે આસપાસનાં વાતાવરણને સંતુલિત અને સરળ કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. એમણે સંતાનને બધા જ આદર્શો અને નીતિ સાથે મોટા બનાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ. એમના મનમાં સંતાનના જન્મ આપ્યા પહેલાં જે વિચારો છે, તે બધી સવલતો સંતાનને પેદા કર્યા પછી અનુભવી શકે તેના માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ સંજોગોમાં એમનાં સંતાન બધા ગુણો સાથે ધરતી ઉપર જન્મ લઈ શકે, આ બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. ખરેખર કેટલી બધી મુશ્કેલીઓ અને ચેષ્ટાઓનો એમણે ત્યાગ કરવો પડે છે.

શિક્ષણ પ્રક્રિયા પરિપૂર્ણ બનાવવા માટે પાંચ મુખ્ય વિષયો ઉપર ધ્યાન આપવું જરૂરી છે. આ પાંચ વિષયો માણસના પાંચ મુખ્ય કર્મ સાથે જોડાયેલા હોય છે. ઉદાહરણ તરીકે માણસનાં કાર્ય મુખ્યતઃ શારિરીક, ભૌતિક, માનસિક, વૈચારિક અને ધાર્મિક હોય છે. સામાન્ય રીતે શિક્ષણ પધ્ધતિનાં વર્ગો માણસના વિકાસ માટે બનાવવામાં આવે છે. પરંતુ એમ કહી નહિ શકીએ કે એક ગુણ બીજા ગુણ સાથે ફેરબદલ કરી શકીએ. આ બધાં ગુણ એક સાથે જીવંનનાં અંત સુધી અમલમાં લેવા જોઈએ. આ પાંચ ગુણ સંતાનને શિખવવા માટે માતા પિતાએ ધ્યાન આપવું પડે. સંતાનનો દરેક ગુણ અને એમનાં પારસ્પરિક સંબંધો સમજાવવા પડે. ઘણાં બધા વાલીઓ જુદા જુદા કારણો હેતુ સંતાનના સાચા શિક્ષણ માટે ઓછું ધ્યાન આપે છે. સંતાનને જન્મ આપ્યા પછી માતા પિતાએ એમના સંતાનને બધી જરૂરિયાતો ધ્યાનપૂર્વક સતત પૂરી પાડે છે અને શિક્ષણની જરૂરિયાત માટે શિક્ષકને સોંપી દે છે. એમને શાળાએ મોકલ્યા પછી એમનું કાર્ય પૂરું થઈ ગયું હોય એવું માને છે. આ આદત બદલવાની જરૂરિયાત છે અને ઘરમાં શિક્ષણ પ્રક્રિયા ઉપર દર્શાવેલ પાંચ ગુણો સાથે આરંભ કરવો જોઈએ.

કેટલાક માતા પિતા પોતાના બાળકોને શિક્ષણ આપવા માટે સતત પ્રયાસ કરે છે. જે કંઈક એ કરી શકે એ કરવા માટે પ્રયત્નશીલ રહે છે. એમાંથી જે માતા પિતા વધારે ગંભીર અને સંવેદનશીલ હોય તેવા પ્રયત્ન કરે છે. માતા પિતા જાણે છે કે પોતાના બાળકો યોગ્ય શિક્ષણ આપવા માટે પોતાને જ શિક્ષિત બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. માતા પિતા જાગૃત થઈને પોતાને એટલે શિક્ષિત થઈને પોતાના બાળકોને માટે એક આદર્શ માતા પિતા બની શકે છે. સારું બોલવું અને સારી સલાહ આપવી એ એમનામાં સહજ બને છે. પણ પોતાના બાળકો પર વધારે પ્રભાવ ત્યારે જ થઈ શકે જ્યારે તે પોતાના જીવનમાં એ બધી જ સલાહ અમલ કરશે. જવાબદારી, સચોટતા, સ્પષ્ટવાદિતા, સાહસિકતા, નિસ્વાર્થભાવ, ધીરજ, સહનશિલતા, પ્રચેષ્ઠા, નિરવતા, એકાગ્રતા,આત્મવિશ્રાસ અને આત્મસંયમ વગેરે ગુણ માતા પિતાએ પોતાની જિંદગીમાં અમલ કરવો જોઈએ, પછી જ પોતાના બાળકને શિક્ષણ આપવું જોઈએ. બાળકો પોતાના માતા પિતાને જોઈને એનું  અનુસરણ કરીને વર્તન કરે છે. બાળકનો સ્વભાવ એ રીતનો હશે કે જે એના માતા પિતા વિચારી શકે. મા બાપ બાળકો માટે ભગવાન સ્વરૂપ  હોય છે. એટલે જ દરેક સમયે મા બાપનો આદર અને સમ્માન એ કરે છે. જો મા બાપ અયોગ્ય હોય તો બાળક મા બાપ સાથે એનો અનાદર કરી શકે છે.

શરૂઆતથી જ માતા પિતાએ યોગ્ય બનવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ જ્યારે બાળક કોઈ પ્રશ્ન પૂછે ત્યારે એનો યોગ્ય પ્રત્યુત્તર આપવો જોઈએ, એને ટાળવું જોઈએ નહી. નહિ તો બાળક મોટો થઈને બધી જ વાતોનો અનાદર કરશે. એટલે જ બાળકને સાચી જાણકારી આપવી જરૂરી બની રહે છે. એટલે જ માતા પિતાએ ખુલ્લા હૃદયથી સંતોષજનક રીતે પ્રશ્નોનો જવાબ આપવો જોઈએ. સંકોચ વિના સાચુ બોલીને બાળકને માર્ગદર્શન આપવું જોઈએ. કોઈપણ સમયે માતા પિતાએ બાળકની સામે અપશબ્દો બોલવા જોઈએ નહી. બાળપણથી જ બાળક અપશબ્દ બોલશે અને સાંભળશે તો એ મોટો થઈને કઠોર, નિષ્ઠુર બનશે. કયારેક પણ માતા પિતાએ પોતાના બાળકોને ટોકવું જાઈએ નહી. કેમ કે એ બધી જ વાતાનો એ આગ્રહપૂર્વક નિરીક્ષણ કરતો રહે છે. જ્યારે પોતાની ખામીઓ એને દેખાય છે ત્યારે એ પોતાના સંસ્કારોને યાદ કરે છે અને પોતાને સુધારવાનો પ્રયત્ન કરે છે. જ્યારે પણ એ ભૂલ કરી બેસે છે ત્યારે એ સ્વાભાવિક રીતે સ્વીકારી લે છે, ત્યારે માતા પિતાએ બાળકને દ્વિધા વગર બાળકની ભૂલને માફ કરી દેવી જેઈએ. અને બાળકને એક સારો વ્યકિત બનવા માટે પ્રેરણા આપવી જોઈએ. બાળકને સાચી શિક્ષા જ્યારે પ્રાપ્ત થશે ત્યારે એને સુધરવાની યોગ્ય તક મળશે. માતા પિતા પોતાના બાળકોને સારા સદ્ગુણો શિખવવા માટે અને એના જીવનમાં નિભાવવા માટે આગ્રહશીલ હોવા જોઈએ. એટલે જ માતા પિતાએ પરિવારથી કે ઘરથી જ બાળકોને ઉચિત શિક્ષણ આપવાની શરૂઆત કરી દેવી જોઈએ. અને પોતાને આદર્શ માતા પિતા બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

તા. ૩૧ ઓકટોબર, ૨૦૧૫

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# કોલેજ ન્યૂઝ

## કાર્યક્રમ

કો સ્ટાર્સ સંચાલિત સાસ્કમાં ઈંગ્લિશ મીડીયમ કોમર્સ કોલેજ અને કોલેજ ઓફ ફેશન ડિઝાઈનીંગમાં, પી.ટી. મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સના સહયોગથી "Breast Feeding Seminar"નું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ આ કાર્યક્રમમાં પ્રા. મીનાક્ષીબેન ત્રિપાઠી તથા ડૉ. પ્રતીક્ષા શ્રોફે આધુનિક સમયમાં માતૃત્વ અને સ્તનપાન વિશેની મહત્વની માહિતી વિદ્યાર્થીઓને પુરી પાડી હતી. આ કાર્યક્રમનું સફળ આયોજન કોલેજના ઈ.આ. રૂચિ દેસાઈના માર્ગદર્શન હેઠળ પ્રા. ભૂમિ દેસાઈ તથા પ્રા. ખુશ્બુ જરીવાલાએ કર્યું હતું.

કો ઉચ્ચ શિક્ષણ કમિશ્નર પ્રેરિત મહિલા સશકિતકરણ પખવાડીયા અંતર્ગત તા. ૩-૮-૧૫ના રોજ એક અર્થસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ત્રી સશકતિકરણના ભાગરૂપે સ્વસુરક્ષા માટેની તાલીમની બાબત આ સેમિનારનું કેન્દ્ર બિંદુ હતું. સેમિનારના ઉદ્‌ઘાટન સમારંભમાં સુંદર પ્રાર્થના બાદ આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે સ્વસુરક્ષા સંબંધી માર્શલ આર્ટના તજજ્ઞની પરેશભાઈ પટેલ, શ્રીમતિ સંધ્યાબેન પટેલ અને શ્રી જય પટેલનું પુષ્પથી અભિવાદન કરી સમગ્ર કાર્યક્રમની અનિવાર્યતા અને અર્થસભરતા અસરકારક રીતે રજૂ કરી હતી. કાર્યક્રમ ઈનચાર્જ ડૉ. નમ્રતાબેન કે. પટેલે વર્તમાન સમયમાં સ્ત્રી ઉપરના અત્યાચારો અને સમાજના કદરૂપા ચિત્રોનો દાખલાદલીલ સાથે નિર્દેશ કર્યો હતો. ત્યાર બાદ ત્રણેય તજજ્ઞશ્રીઓએ સ્વસુરક્ષા માટેની વિવિધ પ્રયુકિતઓનું ઊંડાણપૂર્વક નિદર્શન કર્યું હતું. કોલેજની ૪૫ તાલીમાર્થીનીઓએ આ કાર્યક્રમમાં ઉમળકાભેર ભાગ લઈ એના હેતુઓને સફળ બનાવવા માટે સક્રિય સહભાગીતા કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં પ્રત્યેક તાલીમાર્થીબહેન સ્વબચાવની તમામ પ્રયુકિતઓને વ્યકિતગત રીતે અભ્યાસ અને અજમાઈશ કરી કોઈ અનિચ્છનીય પ્રસંગનો હિંમતભેર સફળતાપૂર્વક સામનો કરે એ માટેનું નકકર આયોજન કરાયું હતું. શિબિરના અંતે યોજેલ સમાપન સમારંભમાં તાલીમાર્થીઓએ રજૂ કરેલ પ્રતિભાવોએ આ કાર્યક્રમની સફળતા સંગીન પ્રમાણો આપ્યાં હતાં. તાલીમાર્થીઓની સહૃદયી સહભાગિતા બાબતે તજજ્ઞશ્રીઓએ પણ તેમની સરાહના કરી આચાર્યશ્રીના આ અતિ મહત્વપૂર્ણ આયોજનને બિરદાવ્યું હતું.




ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગરમાં આદેશ અનુસાર નવયુગ કોલેજ તા. ૧-૮-૧૫ થી તા. ૧૪-૮-૧૫ દરમ્યાન મહિલા સશકિતકરણ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની વિગત નીચે મુજબ છે. તા. ૧-૮-૧૫ના રોજ નવયુગ આર્ટ્સ કોલેજમાં 'મહિલા સુરક્ષા દિવસ'ની ઉજવણી



નિમિત્તે કોલેજની વિદ્યાર્થીનીઓને ૧૮૧ અભયમ હેલ્પ લાઈન અંગે માહિતગાર કરવામાં આવી હતી. જેમાં પોલીસતંત્રના પ્રતિનિધિ કોલેજના આચાર્યા શ્રીમતી ડૉ. જયોતિબેનને મળ્યા હતાં અને સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ હેલ્પલાઈન અંગેના બેનર અને પોસ્ટરો દ્વારા વિદ્યાર્થિનીઓને માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત દ્રશ્ય / શ્રાવ્ય માધ્યમ દ્વારા પણ વિવિધ કિસ્સાઓની રજૂઆત વિદ્યાર્થીઓ સમક્ષ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આ ઉપરાંત કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા 'મહિલા સુરક્ષા ત્વિસ' ની ઉજવણી નિમિત્તે લગભગ ૨૫૦ જેટલી વિદ્યાર્થીનીઓની 'નારી જાગૃતિના' બેનર અને પોસ્ટરો દ્વારા એક વિશાળ રેલીનું આયોજન પણ થયું હતું, અને રેલી બાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન.અસ.એસ. (રાષ્ટ્રીય સેવા યોજના)નાં કો.ઓર્ડિનેટર શ્રી માલવિયા સાહેબનું 'રાષ્ટ્રભાવના ઉજાગર કરવામાં મહિલાઓનું યોગદાન' વિષય ઉપર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તા. ૩-૮-૧૫ના રોજ 'આલ્કોહોલિકસ એનોનીમસ સંસ્થા' ને અમારી કોલેજમાં આમંત્રણ આપી 'વ્યસન મુકિત' અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક લોકો આ વ્યસન માંથી મુકિત મેળવી આ રોગમાંથી સાજા થયાં છે. તેઓનાં અનુભવો રજૂ કર્યા હતાં અને આ સંસ્થામાના મહિલા કાર્યકર્તા - શ્રીમતિ વિણાબેને એક વ્યસની પુરૂષની પત્ની અને પરિવારીક મુશ્કેલીઓ અંગે વિસ્તૃત માહિતી આપી કોલેજમાં વિદ્યાર્થીઓને 'વ્યસનમુકત' રહેવા અને સમાજમાં રહેલાં વ્યસનીઓને મદદ કરી વ્યસનમુકત કરાવવા જાગૃત કર્યા હતાં. તા. ૫-૮-૧૫ના રોજ અમારી કોલેજના એન.એસ.એસ. (રાષ્ટ્રીય સેવા યોજના)ના યુનિટ દ્વારા એક 'રકતદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોલેજ વિદ્યાર્થીઓ દ્વારા (૩૫) બોટલ રકતદાન કરી સમાજને મદદરૂપ થવાના પ્રયત્નમાં સફળ થયાં હતાં. તા. ૬-૮-૧૫ના રોજ 'મહિલા સશકિતકરણ' અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના 'ભાષાભવન'માં કાર્યરત ડૉ. પન્નાબેન ત્રિવેદીનું વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પન્નાબેને પૌરાણિક સ્ત્રીઓની શકિતઓને વર્ણવી, સીતા, દ્રૌપદી વગેરેની યાદ અપાવી આજની મહિલાઓને શારીરિક સૌષ્ઠવ મેળવી, સ્વયં સુરક્ષિત બની હિંમત દાખવી, મહિલાઓની સ્થિતી મજબૂત બનાવી શકાય એમ જણાવ્યું હતું. તા. ૭-૮-૧૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્ત્રીશકિતકરણ અંતર્ગત 'મહિલા શિક્ષણ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવયુગ આર્ટ્સ કોલેજની ૫૦ વિદ્યાર્થિનીઓ અને બે અધ્યાપકોએ ભાગ લીધો હતો. આ સંમેલનમાં બે મહિલા વકતાઓ શ્રીમતી જાગૃતિબેન પટેલ એમના વકતવ્યમાં સ્ત્રીઓ દ્રઢતા અને આત્મ વિશ્વાસથી પોતાનું સ્વાભિમાન જાળવી શકે, સ્ત્રીશકિતકરણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તે વિશે ઘણુ થયું છે અને હજુ ઘણું કરવાનું બાકી છે. સ્ત્રી વિશેના સમાજના માનમાં પણ પરિવર્તન જરૂરી

છે. એ જણાવી સ્ત્રીશકિતકરણની વ્યાપક વિચારણા રજુ કરી હતી. બીજા વકતા શ્રીમતી મનીષાબેન પાનવાલાએ સ્ત્રી અને પુરુષ સરખા નથી. સ્ત્રી પુરુષની શારીરિક ક્ષમતાની તુલના કરી હતી. સમગ્ર બ્રહ્માંડમાં સ્ત્રીતત્ત્વ અને પુરુષતત્ત્વનું સંતુલન જરૂરી છે. કોઈ પણ સૃષ્ટિના સર્જનમાં સ્ત્રીતત્વ અને પુરુષતત્વનું સંતુલન ખોરવાઈ તો સર્જનને બદલે વિનાશની પ્રક્રિયા શરૂ થાય છે. સ્ત્રીપુરુષ સરખા નથી પણ સમાન છે, એ વાત કરી હતી. વિભિન્ન પરિસ્થિતિઓમાં સ્ત્રીપુરુષની વાસ્તવિકતાઓ રજૂ કરી સ-શકિતકરણ પ્રત્યે કટીબધ્ધ થવા જણાવ્યું હતું અને સ્ત્રીને હ્યુમન તરીકે પોતાના અસ્તિત્વની સ્વીકારવાની વાત કરી હતી. સ-શકિતકરણનો અર્થ જ આત્મનિર્ભર બનવું એમ જણાવી. સ્ત્રીઓ શારીરિક અને માનસિક તરીકે મજબૂત બની આત્મનિર્ભર બનવા પર ભાર મૂકયો હતો. તા. ૮-૮-૧૫,ના રોજ સંસ્થાની 'સપ્તધારા' અને ગુજરાતી વિભાગ આયોજિત 'સાહિત્ય સંસ્કાર સિંચન' પ્રવૃત્તિની 'સર્જનાત્મક અભિવ્યકિતધારા' અંતર્ગત 'નવલિકા લેખન' અને 'પાદપૂર્તિ' સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 'નવલિકા લેખન'માં મહિલાઓને સ્પર્શતા વિષયો ઉપર વાર્તાઓ લખાય એવું વિષયવસ્તુ પસંદ કરવામાં આવ્યું હતું અને 'પાદપૂર્તિ'માં પણ મહિલાઓની કલ્પનાઓને ઉડાન મળે એવી પંકિતઓ પસંદ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તા. ૧૦-૮-૧૫ના રોજ અમારી કોલેજના 'સપ્તધારા' અને ગુજરાતી વિભાગ આયોજિત 'જ્ઞાનધારા' અંતર્ગત 'પુસ્તક પરિચય' અને 'કાવ્યપઠન' સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓમાં વિચારોનું ચિંતન, મનન અને સર્જકતાના ગુણો વિકસે એ હેતુ હતો. આ ઉપરાંત 'સપ્તધારા'નુ 'કલા-કૌશલ્યધારા' અંતર્ગત 'ચિત્રકલા' અને 'વેસ્ટમાંથી બેસ્ટ' સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિત્રકલામાં પ્રતિષ્ઠિત, સફળ મહિલાઓના ચિત્રોને લગતા વિષયો પર ચિત્રો રજૂ થાય તેવા પ્રયત્નો રહયાં હતા અને વેસ્ટમાંથી બેસ્ટમાં મહિલાઓની કલા-કારીગીરી વેસ્ટમાંથી બેસ્ટનું સર્જન કરવાની ક્ષમતાના દર્શન થયા હતાં. તા. ૧૧-૮-૧૫ સ્ત્રી સશકિતકરણ અંતર્ગત મહિલા સ્વ્યંસિધ્ધા બને તેને લગતું કથાનક રજૂ કરતી ફિલ્મ બતાવી 'મુવી ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૨-૮-૧૫ના રોજ મહિલાઓમાં રાષ્ટ્રભાવના જાગૃત થાય. તે માટે સમગ્ર વિદ્યાર્થીઓ દ્વારા 'દેશભકિત ગીત' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તા. ૧૩-૮-૧૫ના રોજ માતાજીની આરાધના કરી 'ગરબા ડે'નું આયોજન રકવામાં આવ્યું હતું. તા. ૧૪-૮-૧૫ના રોજ 'મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ'નુ ઉજવણીનાં ભાગ રૂપે સંસ્થામાં વિદ્યાર્થી ટ્રેનરો દ્વારા નિદર્શન અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ યોગાસનો રજૂ કરવામાં આવ્યાં હતાં અને યોગથી થતાં ફાયદા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આમ તા. ૧-૮-૧૫ થી ૧૪-૮-૧૫ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.



સ્ટાર્સ સંચાલિત સાસ્કમા ઈંગ્લિશ મીડીયમ કોમર્સ કોલેજમાં યોજાતા વિવિધ સેમિનરો પૈકી વિદ્યાર્થીઓના વ્યકિતત્વ વિકાસ અને તેમની આંતરિક શકિતઓ મોટ સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં અભિષેક શર્મા અને પ્રીતિ વશિષ્ઠે વ્યકિતત્વ વિકાસ માટેના વિવિધ મુદ્દાઓ જેમકે મનોવૈજ્ઞાનિક તાલીમ, વ્યકિતત્વ વિશ્લેષણ અને તેને સુધારવાની રીતો તથા વિવિધ તાલીમ કાર્યક્રમો વિશે કારકિર્દી ઘડવામાં મદદરૂપ સમજૂતી આપી હતી. વિશ્વમાં વસ્તીની દ્રષ્ટિએ બીજા ક્રમે અને યુવાનોની દ્રષ્ટિએ પ્રથમ આવનાર ભારતમાં યોગ્ય પ્રતિભા અને આવડત ધરાવતાં સક્ષમ માણસોના અભાવને નિવારવા ડિઝાયર સંસ્થા વ્યકિતગત આવડત અને તેમની આંતરિક શકિતઓને વધારવા માટે પ્રયત્ન કરી રહી હતી. આ કાર્યક્રમનું સફળ આયોજન કોલેજના ઈ.આ. રૂચિ દેસાઇના માર્ગદર્શન હેઠળ પ્રા. મોહિત લોટવાલાએ કર્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ દ્વારા સંચાલિત શ્રીમતી ગજરાબેન ચીમનલાલ પરાગજી દેસાઈ કોમ્પ્યુટર સેન્ટરમાં કોલેજના વિદ્યાર્થીઓ માટે બેઝિક, ટેલી તથા અન્ય વ્યવસાયલક્ષી કોર્સિસની પરિપૂર્ણતા સાથે યોજાયેલ સર્ટિફિકેટ વિતરણ સમારંભ શ્રીમતી ચેતનાબેન દેસઈના અતિથિવિશેષ પદે યોજાયો હતો. આ પ્રસંગે સેન્ટર સંચાલિકા શ્રીમતી હેલીબેન ઉપાધ્યાયે સર્વેને આવકારી કોર્સિસ સંબંધી ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે કોમ્પ્યુટર શિક્ષણની મહત્તા નિર્વિવાદ છે એમ જણાવી આ કોર્સિસ આવનારા સમયમાં વિદ્યાર્થીઓને વ્યવસાયમાં ખૂબ જ ઉપયોગી થશે તથા અનેક વિષયોના વ્યાપને વધારવામાં મદદરૂપ થશે તેવી આશા વ્યકત કરી હતી. શ્રીમતી ચેતનાબેન દેસાઈએ વિદ્યાર્થીઓને અભિનંદન આપી જીવન, વ્યવસાય અને શિક્ષણમાં કોમ્પયુટર શિક્ષણનો વિનિયોગ કરવા અનુરોધ કર્યો હતો. સમારંભના અંતે પ્રિ. ડૉ. જે.એમ. નાયક તથા શ્રીમતી ચેતનાબેન દેસાઈના હસ્તે સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવમાં કોમ્પ્યુટર શિક્ષણથી તેમને ફાયદો થયો છે તેમ સ્વીકારી સંસ્થાનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ કોમ્પ્યુટર સેન્ટરના હેડ શ્રીમતી હેલબેન ઉપાધ્યાયે સફળતાપૂર્વક કર્યું હતું.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં ગુજરાત સરકારશ્રી પ્રેરિત 'યુવાદિન ઉજવણી' અંતર્ગત એન.એસ.એસ.ના ઉપક્રમે તા. ૧૨-૮-૧૫ના રોજ વલસાડ રકતદાન કેન્દ્રના ઈન્ચાર્જશ્રી ભાવેશભાઈ રાયચાએ પાવર પ્રેઝન્ટેશનથી ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને રકતદાન શા માટે કરવું જોઈએ અને કોણ કરી શકે વગેરે મુદ્દાઓ ઉપર યોગ્ય માહિતી આકર્ષક રીતે રજુ કરી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું વ્યવસ્થા અને સંચાલન એન.એસ.એસ. પ્રો. ઓફિસર ડૉ. દક્ષા ઠાકોર, તથા પ્રો.એમ.એ. મુલ્લાએ સંભાળ્યું હતું ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે તથા ઉપાચાર્ય શ્રી પ્રો. ટી.જી. પટેલે અભિનંદા પાઠવ્યા હતા.

સાસ્કમા અંગ્રેજી માધ્યમ કોમર્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના હિત અને સફળ ભવિષ્યને ધ્યાનમાં લઈ કોલેજના ડાયરેકટર શ્રી ડૉ. યુ.ટી. દેસાઈ તથા ઈ.આ. રૂચીબેન દેસાઈના નેતૃત્વ હેઠળ ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂવંદના કાર્યક્રમના ભાગ રૂપે "પ્રોફેશનલ કોર્સિસ" પર સફળ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેના મુખ્ય અતિથી શ્રી મનુભાઈ દેસાઈ, ચેરમેન, સુરત ચેપટર ઓફિસ CMA કોર્ષીસ, એ તેમના બહોળા અનુભવ તથા જ્ઞાન વિદ્યાર્થીઓ સમક્ષ સુંદર રીતે રજૂ કરી તેઓને માહિતગાર કર્યા. સાસ્કમા કોલેજના આધ્યાપકો શ્રી પ્રશાંત પટેલ તથા પ્રા. સ્મિતાબેન ખવાનીએ પણ વિવિધ પ્રોફેશનલ કોર્ષીસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ

કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રા. ભૂમિ દેસાઈ અને પ્રા. ખુશ્બુ જરીવાલા તથા સ્ટાફ બધા જ સભ્યોએ સક્રીય ભૂમિકા ભજવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

બી.કે.એમ. સાયન્સ કોલેજ વલસાડ ખાતે મહિલા સશકિતકરણ અંતર્ગત વિદ્યાથિનીઓ અને મેડીકલ પ્રશ્નો વિષય ઉપર ડૉ. જાસ્મીનબેન શાહ દ્વારા વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. વ્યાખ્યાન બાદ યોજાયેલ પ્રશ્નોતરી કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ વિવિધ પ્રશ્નો પૂછી વ્યાખ્યાનને રસપ્રદ બનાવ્યું હતું. ડૉ. જાસ્મીનબેને વિદ્યાર્થિનીઓના પ્રશ્નોની છણાવટ કરી, સચોટ માર્ગદર્શન આપ્યું હતું. પ્રશ્નોત્તરી બાદ વ્યાખ્યાનમાં હાજર રહેલ તમામ વિદ્યાર્થિનીઓની મેડીકલ તપાસ ડૉ. જયોત્સનાબેન શાહ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આચાર્યશ્રી ડૉ. વિકાસ દેસાઈએ મહિલા સશકિતકરણ અંગે માહિતી આપી હતી. પ્રો. અનિલભાઈ ગોયલ તથા ડૉ. ટી.જી. ગોહીલે કાર્યક્રમનું આયોજન કર્યું હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. ખ્યાતી મોદીએ કર્યું હતું.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયના પ્રશિક્ષણાર્થીઓના આરોગ્ય પરીક્ષણ અંતર્ગત તા. ૧૯-૮-૨૦૧૫ના રોજ ડોકટરની નિષ્ણાંત ટીમ દ્વારા થેલેસેમિયા પરીક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના સૌ તાલીમાર્થીઓએ ઉત્સાહથી સહયોગી બનીને કેમ્પ સફળ બનાવ્યો હતો. ડૉ. નમ્રતાબેન પટેલે કાર્યક્રમનું આયોજન સંભાળ્યું હતું.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા દ્વારા સંચાલિત બી.એડ્., બીસી.એ. અને બી.કોમ. 'Youth for Nation' દ્વારા તા. ૩૦-૯-૧૫, ગુરૂવારના રોજ 'અધ્યાપક સન્માન સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે રિટાયર્ડ ઈન્કમટેક્ષ ઓફિસર શ્રી પી.વી.એસ. શર્મા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત ત્રણેય કોલેજના કાર્યરત અધ્યાપકોનું વિદ્યાર્થીઓ હસ્તક સન્માન કરવામાં આવ્યું હતું. તથા 'Youth for Nation' કાર્યક્રમ વિશે બી.સી.એ. કોલેજના પ્રા. પંકજભાઈ મિશ્રાએ ઉદ્બોધન કર્યું હતું. આભારવિધિ બી.એડ્. કોલેજના પ્રિ. સુનિલદત્ત વ્યાસે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.એડ્. કોલેજના પ્રા. ડૉ. પ્રફુલ્લભાઈ મોગેરાએ કર્યું હતું.

## ઉજવણી

અત્રેની એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં સશકિતકરણ પખવાડિયાંની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. કોલેજના પ્રિ. ડૉ. ભારતીબેન પંચોલીનાં માર્ગદર્શન તેમજ પ્રા. યોગેશ દેસાઈ (પ્રો.ઓ.એન.એસ.એસ.) પ્રા. સોનલબેન વસાવા (પ્રો.ઓ.એન.એસ.એસ.) તથા પ્રા. વર્ષાબેન રાણા (કન્વીનર, વીમેન સેલ/મહિલા સમિતિ)ના આયોજન હેઠળ યોજાયેલ કાર્યક્રમો (૧) સુરક્ષા સેતુ સોસાયટી- ડિસ્ટ્રીકટ પોલીસ ડિપાર્ટમેન્ટ, નવસારી ડિસ્ટ્રીકટના સહકારથી યોજાયેલ રાઈફલ શૂટીંગ કાર્યક્રમમાં ૧૫ વિદ્યાર્થીનિઓએ ભાગ લીધો હતો. (૨) સ્વરક્ષણ તાલીમ- હીરો ટાઈકવાન્ડો એકેડેમી, બીલમોરાના સહયોગમાં સ્વરક્ષણ માટેની વિવિધ પ્રયુકિતઓના નિદર્શનનો લાભ ૨૭૦ વિદ્યાર્થિનીઓએ તેનો લાભ લીધો હતો. (૩) "૧૮૧ અભયમ્ સેવા" કાર્યક્રમ- આ કાર્યક્રમમાં ડૉ. મીરા રામનિવાસન નિર્મિત "સાવચેતીમાં જ સુરક્ષા" ફિલ્મનું નિદર્શન અને વ્યાખ્યાન, પોલીસ કુટુંબ સહાયતા કેન્દ્ર, નવસારીના સથવારે યોજાયું હતું. ૨૫૬ જેટલી વિદ્યાર્થિનીઓએ તેનો લાભ લીધો હતો. (૪) ફેમિકોન-૧૫ કાર્યક્રમ- દામિની સંસ્થા સુરત આયોજિત - સંચાલિત આ કાર્યક્રમ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શલ હોલમાં સંપન્ન થયો હતો. જેમાં વિવિધ કોલેજોની ૧૦૫૦ જેટલી વિદ્યાર્થિનીઓ સાથે અમારી કોલેજની ૧૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. (૫) યોગ-પ્રાણાયામ કાર્યક્રમ- ડાંગ જિલ્લાના યોગ-પ્રાણાયામ પ્રવૃત્તિના કો-ઓર્ડિનેટર શ્રીમતી પ્રીતિબેન ભાવસારના નિદર્શન-માર્ગદર્શન વડે થયેલા આ કાર્યક્રમમાં ૧૩૬૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ વિવિધ પ્રકારના યોગસનો અને પ્રાણાયામ વિશે માહિતી અને માર્ગદર્શન મેળવ્યું હતું. (૬) મહિલા સશકિતકરણ-સુરક્ષા રેલી અને મહિલા સેમિનાર- ઉપરોકત કાર્યક્રમાં અમારી કોલેજની ૨૨૫ વિદ્યાર્થિનીઓ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓની વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી. મહિલા સેમિનાર તથા રેલીનું આયોજન નવસારી જિલ્લા પોલીસ ડિપાર્ટમેન્ટે કર્યું હતું. નવસારી જિલ્લા પોલીસ ડિપાર્ટમેન્ટ, બીલીમોરા ટાઉન પોલીસ ડિપાર્ટમેન્ટ, બીલીમોરા નગરપાલિકાના મહાનુભાવોનાં પ્રસંગોચિત ઉદ્બોધન બાદ વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓએ ઈનામો એનાયત થયા હતા. અંતમાં, મહિલા સ્વબચાવ માટેની વિવિધ ટેકનિક્સનું ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું. (૭) "મહિલાઓ માટે સ્વબચાવની તાલીમ જરૂરી છે ?" વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. (૮) કોલેજના ફિઝિકલ ટ્રેનિંગ ઈન્સ્ટ્રકટર પ્રા. સોનલબેન એસ. વસાવાએ ૨૨ રાઈફલ શૂટીંગ સ્પર્ધામાં ૧૨૬ પોઈન્ટ મેળવીને તૃતીય ક્રમ પ્રાપ્ત કરી કોલેજને ગૌરવ અપાવ્યું છે.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ૬૯માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા. ૧૫-૮-૧૫ના રોજ કોલેજ પટાંગણમાં સામાજિક અગ્રણી શ્રી ભૂપતભાઈ પંડયાના વરદ્હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. શ્રી ભૂપતભાઈ પંડયાએ પોતાના વકતવ્યમાં આઝાદીનું મહત્વ અને આજના સમયમાં નાગરિકોની ફરજો અને જવાબદારી વિશે મનનીય પ્રવચન આપ્યું હતું. ધ્વજવંદન કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ દેશભકિતના સૂત્રો પોકાર્યા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.સી.સી. કેડેટ તથા એન.એસ.એસ. સ્વયંસેવકોએ તા. ૧૫-૮-૧૫ના રોજ સ્વતંત્ર્યના પર્વની ઉજવણીના ભાગરૂપે સવારે ધ્વજવંદનનો કાર્યક્રમ સંપન્ન કરીને કોલેજ કેમ્પસ ઉપર આસોપાલવ, કાળાજાંબી તથા ગુલમહોર જેવા બસો પચાસ રોપાઓનું વાવેતર કર્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક, ઉપાચાર્યશ્રી પ્રો. ટી.જી. પટેલ, આર્ટ્સ કોલેજના આચાર્યશ્રી ડૉ. બુટાણી સાહેબ, દોલત ઉષા ઈન્સ્ટિટયુટના આચાર્યશ્રી ડૉ. પંકજભાઈ દેસાઈ તથા લો કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.ટી. દેસાઈએ ઉપસ્થિત રહી કેડેટ, સ્વયંસેવકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા એન.સી.સી. ઓફિસર લે. મુકેશભાઈ પટેલ અને એન.એસ.એસ. ઓફિસર ડૉ. દક્ષા ઠાકોર તથા પ્રો. એમ.એ. મુલ્લાએ સંભાળ્યું હતું.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં તા. ૧૪મી સપ્ટેમ્બર હિન્દી દિવસ હોવાથી આ નિમિત્તે હિન્દીનું મહત્વ સમજાય અને રાષ્ટ્રભાષા પ્રત્યે જાગૃતતા આવે તે માટે ઉત્સાહપૂર્વક આ દિવસની ઉજવણીનું આયોજન કોલેજના આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના શરૂઆતમાં હિન્દીમાં પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ હિન્દીના પ્રા. ડૉ. કનુભાઈ સ્વાગીયાએ હિન્દીનું મહત્વ દર્શાવતું વકતવ્ય રજૂ કર્યું હતું. તાલીમાર્થીઓ દ્વારા હિન્દીમાં કાવ્ય પઠન, કાવ્ય ગાન, ભજન, દોહા, હિન્દી સાહિત્યકારો વિશે, રાષ્ટ્રભાષા હિન્દીના મહત્વ વિશે નાટક જેવી વૈવિધ્યસભર કૃતિઓની રજૂઆત થઈ હતી. કાર્યક્રમનું સંચાલન પાલ કંચનબેને તથા આભારવિધી ચાવડા સલોનીબેને કરી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૨૪-૮-૧૫ના રોજ સાહિત્યકાર વીર નર્મદની જન્મજયંતિ પ્રસંગે ઉજવણીનું આયોજન કોલેજના આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. વીર કવિ નર્મદ જેવા અર્વાચીન સાહિત્યકારની ૧૮૨મી જન્મજયંતિ હોવાથી તેમના વિશે કોલેજના ગ્રંથપાલ શ્રી અશોકભાઈ રાઠોડે ‘મારી હકીકત’ પુસ્તકને કેન્દ્રમાં રાખીને ખૂબ સુંદર વકતવ્ય રજૂ કર્યું હતું તથા આજ દિવસે કુલ ૧૧ જેટલા પુસ્તકો તાલીમાર્થીઓ તથા અધ્યાપકો વચ્ચે “તરતા પુસ્તકો” અંતર્ગત તરતા મુકવામાં આવ્યા હતા. ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા ગુજરાતીમાં ભજન, ગઝલ, કાવ્યગાન, કાવ્યપઠન, ટૂંકીવાર્તા, વિવિધ સાહિત્યકારો વિશે વકતવ્ય, પ્રભાતિયા, પદ, વિવિધ બોલીઓ, લોકગીત, રાસ, ગરબા કવીઝ, વગેરે જેવી વૈવિધ્યસભર કૃતિઓ રજૂ થઈ હતી. કાર્યક્રમ અંગેનું માર્ગદર્શન પ્રા. ધીરેનકુમાર મૈસુરીયાએ આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી રાજપૂત મમતાબેને તથા આભારવિધિ ચૌધરી પિનલબેને કરી હતી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૮-૯-૧૫ના રોજ વિશ્વ સાક્ષરતા દિવસ નિમિત્તે એકી સાથે ‘વાંચે કોલેજ’, ‘પોસ્ટર મેકિંગ સ્પર્ધા’ અને ‘સુવિચાર લેખન’ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ગ્રંથપાલ શ્રી અશોકભાઈ રાઠોડે વિશ્વ સાક્ષરતા દિન વિશે પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું હતું. ભવિષ્યમાં શિક્ષક બનવા જઈ રહેલા તાલીમાર્થીઓમાં વાચન પ્રત્યે જાગૃતતા આવે તે માટે દર વર્ષે જેમ આ વર્ષે પણ એકી સાથે વાંચે કોલેજ અંતર્ગત બધા જ તાલીમાર્થીઓ તથા અધ્યાપકોએ શિક્ષણને લગતા વિવિધ પુસ્તકોનું વાંચન કર્યું હતું સાથે યોજાયેલ સાક્ષરતાને લગતી પોસ્ટર મેકિંગ સ્પર્ધા તથા સુવિચારોની સ્પર્ધામાં બધા જ તાલીમાર્થીઓ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આ. ડૉ. કિન્નરીબેન પટેલ, ગ્રંથપાલશ્રી અશોકભાઈ રાઠોડે કર્યું હતું.

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, ઘોડદોડ રોડ, સુરતમાં તા. ૧૪-૯-૧૫ને સોમવારના રોજ ‘હિન્દી દિવસની’ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થના દ્વારા થઈ હતી. સમગ્ર તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં હિન્દી ભાષાનું મહત્ત્વ, દોહા, હિન્દી ગીત, નૃત્ય, હિન્દી સાહિત્યનો પરિચય, વકતવ્ય વગેરે કૃતિઓ સફળતાપૂર્વક રજૂ થઈ હતી. પ્રસંગને ઉચિત ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. કમલેશભાઈ ડામોરે કાર્યક્રમનો પ્રતિભાવ રજૂ કરી આભારવિધિ કરી હતી. આમ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. પ્રિયંકાબેન પટેલે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્વક પૂર્ણ થયો હતો.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા દ્વારા તા. ૪-૯-૧૫, શુક્રવારના રોજ જન્માષ્ટમી મહેત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત બાળકૃષ્ણનું હાલરડું, ભજન, વકતવ્ય, કાવ્યપઠન, કૃષ્ણના ગીત આધારિત નૃત્ય તાલીમાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી દાદાવારસી કરિશ્માએ કર્યું હતું.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા દ્વારા તા. ૪-૯-૧૫, શુક્રવારના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત મહેમાન તરીકે શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના રિટાયર્ડ પ્રોફેસર ડો. રાયસિંગભાઈ ચૌધરી ઉપસ્થિત રહયાં હતા. તેમણે પ્રસંગોચિત પોતાના અમૂલ્ય વિચારો તાલીમાર્થીઓ સમક્ષ રજૂ કર્યા હતા. મહેમાનશ્રીનો પરિચય પ્રા. અનિલાબેન સોનીએ આપ્યો હતો. કોલેજના પ્રધાનાચાર્યશ્રી ડૉ. ભાવેશભાઈ રાવલે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. હેતલબેન ડુમ્મસવાલાએ કર્યું હતું. ઉપરાંત તાલીમાર્થીઓએ શિક્ષક બની સમગ્ર દિવસ દરમ્યાન શિક્ષણકાર્ય કરાવી ‘શિક્ષકદિન’ની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજમાં તા. ૪-૯-૧૫ના રોજ જન્માષ્ટમી ઉત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જન્માષ્ટમી કાર્યક્રમ અંતર્ગત મટકી ફોડ કાર્યક્રમ, બાળકૃષ્ણને પારણું ઝુલાવવું અને ગરબા પણ ગાવામાં આવ્યા હતા. જેમાં કોલેજના તમામ તાલીમાર્થીઓએ અને સમગ્ર સ્ટાફ પરિવારે પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર. પટેલ કોલેજમાં તા. ૭-૯-૧૫ ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત એમ.એમ.પી. હાઈસ્કુલના ભૂતપૂર્વ આચાર્ય એમ.એચ. મિચલા સાહેબે આ પ્રસંગે શિક્ષક કેવો હોવો જોઈએ ? એ વિશે પોતાના મંતવ્યો આપ્યા હતા. આચાર્યશ્રી અરવિંદભાઈ ટાંકે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. તાલીમાર્થી ગામીત હેમંતભાઈએ ડૉ. રાધાક્રિષ્નના જીવન અને કવન વિષયક પી.પી.ટી. રજૂ કરી હતી. તથા તાલીમાર્થી પટેલ સોનાલીએ વકતવ્ય પણ રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થિની પટેલ દીપીકાબેને અને આભારવિધિ તાલીમાર્થિની વાછાણી પાયલબેને કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. અરવિંદભાઈ વણકરે કર્યું હતું.

ભાવિ શિક્ષકોનું નિષ્ઠાસભર ઘડતર કરતી બીલીમોરા સ્થિત શ્રીરંગ શિક્ષણ મહિલાવિદ્યાલયમાં બ્રહ્માકુમારીઝ પરિવાર, બીલીમોરા દ્વારા સામાજિક-આધ્યાત્મિક મહત્વ ધરાવતા રક્ષાબંધન પર્વની ઉજવણી અર્થસભર રીતે કરવામાં આવી હતી. પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે બી.કે. જયોતિબેન અને બી.કે. લતાબેનનું અભિવાદન કરી રક્ષાબંધનના પર્વને માત્ર સંકુચિત અર્થમાં ન લઈ રક્ષણ અને બંધનની સંકલ્પના સ્પષ્ટ કરી આ પર્વને સંકલ્પબદ્ધ થવાના સુવર્ણ અવસર તરીકે સ્પષ્ટ કર્યું હતું. બી.કે. જયોતિબેને રસપ્રદ શૈલીમાં ઉદાહરણો આપી આ પર્વ પાછળના વર્તમાન સમયના અપેક્ષિત લક્ષ્યો સ્પષ્ટ કરી સહુ પાસે સદ્‌ગુણ સંવર્ધન અને દુર્ગુણ નિવારણના સંકલ્પો દક્ષિણા સ્વરૂપે સ્વીકાર્યા હતા. ઉપસ્થિત સહુએ આ સાવ અનોખા રક્ષાબંધન પર્વમાં સહભાગી બનવા બદલ આનંદ અને સંતોષ વ્યકત કર્યો હતો.

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, ઘોડદોડ રોડ, સુરતમાં તા. ૨૪-૮-૧૫ને સોમવારના રોજ કવિશ્રી નર્મદની જન્મ જયંતી અને ગુજરાતી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટય, પ્રાર્થના, સ્વાગત ગીત, નર્મદનું જીવન કવન, ગીત, ગરબા અને “જય જય ગરવી ગુજરાત” લોક ગીત તેમજ કવ્વાલી વગેરે વિશેષ કૃતિઓ તાલીમાર્થીઓ દ્વારા રજૂ કરાઈ હતી. પ્રસંગને ઉચિત કાર્યક્રમનું પ્રતિનિધિત્વ ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. કમલેશભાઈ ડામોરે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્વક પૂર્ણ થયો હતો.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને વલસાડના યોગશિક્ષક શ્રી વિનોદભાઈ એન્જિનીયરે પ્રાણાયામ અને યોગાસનોનું નિદર્શન કરી સઘન તાલીમ આપી હતી. ૨૧ જુનના રોજ સરકારશ્રીના પૂર્વ નિર્ધારિત આયોજન મુજબ સંકલ્પવિધિ સહિત સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો. કાર્યક્રમના અંતે સુંદર પ્રદર્શન કરનાર ત્રણ વિદ્યાર્થીઓને યોગશિક્ષક શ્રી વિનોદભાઈ એન્જિનીયરે પસંદ કર્યા હતા. કોલેજના આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ યોગશિક્ષક શ્રી વિનોદભાઈ એન્જિનીયરના હસ્તે વિદ્યાર્થીઓન પ્રમાણપત્રો એનાયત

કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. વાય. જે. દેસાઈએ, આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.

વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજમાં તા. ૧૫-૮-૧૫ને રોજ સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રીટાયર આર્મીમેન બલબીન્દરકુમાર શર્માના હસ્તે ધ્વજવંદનવિધિ કરવામાં આવી હતી. આ દિવસે વિવિધ કૃતિઓ જેવી કે દેશભકિતગીત, વકતવ્ય વગેરે રજૂ કરવામાં આવી હતી.

તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ તથા સામાજીક વનકિરણ રેન્જ, ભરૂચ દ્વારા તપોવન સંકુલમાં દૃદ્માં વનમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સત્યમ કોલેજ ઓફ એજયુકેશન, મહિલા બી.એડ્. કોલેજ, દિપજયોતી કોલેજ ઓફ કોમર્સ, પરમ કોમ્પ્યુટર તથા પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભરૂચનાં વિદ્યાર્થીઓએ ખુબ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વનમહોત્સવ સમારંભના અધ્યક્ષ પદે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી માન. શ્રી છત્રસિંહ મોરી, ભરૂચ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આનંદ પટેલ, G.F.S. ભરૂચ નાયબ વનસંરક્ષક શ્રી ભુપેન્દ્રભાઈ લેઉવા, માન. શ્રી કે.કે. પટેલ તથા તપોવન સંકુલના પ્રમુખ શ્રી દિનેશભાઈ પંડયા ઉપસ્થિત રહયાં હતાં. કાર્યક્રમની શરૂઆત શાસ્ત્રોકત શ્લોક સાથે દિપ પ્રાગટય થી કરવામાં આવી. ત્યાર બાદ સંસ્થાની તમામ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ દ્વારા સમુહ પ્રાર્થના કરવામાં આવી. આ પ્રસંગે બી.કોમ. વિભાગની વિદ્યાર્થિની વ્યાસ રાગીણીએ સુંદર સ્વાગત નૃત્ય રજુ કર્યું. વનમહોત્સવમાં પધારેલ તમામ આમંત્રિતોનું સંસ્થાના નિયામક શ્રી જાગૃતિબેન પંડયા દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાન પ્રમુખ શ્રી દિનેશભાઈ પંડયાએ તથા કે.કે. પટેલ સાહેબે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. આપણા જીવનમાં વૃક્ષોનું મહત્વ, આપણને વૃક્ષો કઈ રીતે ઉપયોગી છે ? વિવિધ પ્રકારના વૃક્ષોથી પર્યાવરણને થતા લાભો વગેરે વિશે ભુપેન્દ્રભાઈ લેઉવાએ સુંદર માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે ઉપસ્થિત અધ્યક્ષ શ્રી છત્રસિંહ મોરીએ વૃક્ષોથી પર્યાવરણને થતા લાભો વિશે માહિતી આપી. સંસ્થામાં વનમહોત્સવ યોજવા બદલ સંસ્થા તરફથી સામાજિક વનીકરણ રેન્જ, ભરૂચનો આભાર માનવામાં આવ્યો હતો. વનમહોત્સવમાં પધારેલ મહેમાનો દ્વારા શાસ્ત્રોકત વિધીથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ દ્વારા સમુહમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં સામાજીક વનીકરણ ભરૂચના કાર્યકરો, સંસ્થાના પ્રમુખ દિનેશભાઈ પંડયા, નિયામક શ્રી જાગૃતિબેન પંડયા તથા સંસ્થાના તમામ શિક્ષક ગણે ભારે જહેમત ઉઠાવી હતી.

તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંચાલિત સત્યમ્ કોલેજ ઓફ એજયુકેશન, મહિલા બી.એડ્. કોલેજ, દિપજયોતી કોલેજ ઓફ કોમર્સ, પરમ કોમ્પ્યુટર આઈ.ટી.આઈ., પરમ લોકવિજ્ઞાન કેન્દ્ર, ભરૂચના સંયુકત ઉપક્રમે દૃલમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનું આયોજન તથા રોટરી ફાઉન્ડેશન દ્વારા આર.ઓ. પ્લાન્ટ તપોવન સંકુલમાં અર્પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રોટરી કલબના ડિસ્ટ્રીકટ ગવર્નર નોમીની શ્રી રુચિર જાની, પ્રમુખશ્રી ચિરાગ તાંબડિયા, પ્રોજેકટ ચેરમેનશ્રી અશોકભાઈ કાપડિયા ઉપસ્થિત રહયાં હતાં. તપોવન સંસ્કાર કેન્દ્રના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયા, નિયામકશ્રી જાગૃતિબેન પંડયા તથા બી.એડ્. વિભાગના ઈ.આચાર્ય આશ્કાબેન શુકલ તથા સ્ટાફ પરિવાર હાજર રહયાં. ધ્વજવંદન રોટરી કલબના ડીસ્ટ્રીકટ ગવર્નર નોમીનીશ્રી રુચિર જાનીના હસ્તે કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. તપોવન સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયાએ સંસ્થાના વિદ્યાર્થીઓને તથા હાજર સૌને સ્વાતંત્ર્ય દિનની શુભકામનાઓ પાઠવી અને યુવાનોને રાષ્ટ્ર પ્રત્યેની તેમનામાં રાષ્ટ્રીય ભાવના જન્મે તેમ જણાવ્યું તથા રોટરી ફાઉન્ડેશન દ્વારા આર.ઓ. પ્લાન્ટ સંસ્થામાં મૂકવામાં આવ્યો તે બદલ આભાર વ્યકત કર્યો અને કાર્યને બિરદાવ્યું હતું. આ પ્રસંગે રોટરી કલબના પ્રમુખશ્રી ચિરાગ તાંબડિયાએ રોટરી કલબનું કાર્ય તથા સામાજિક ક્ષેત્રે તેની કામગીરીની ચર્ચા કરી હતી. ત્યારબાદ રોટરી કલબના પ્રોજેકટ ચેરમેન અશોકભાઈ કાપડિયાએ રોટરી કલબની કાર્યપ્રણાલી તથા રોટરી કલબ કઈ રીતે કામ કરે છે તે ઉપરાંગ તેની સ્થાપના જેવા મુદ્દાઓની વિદ્યાર્થીઓને સમજૂતી આપી હતી. મહેમાનશ્રીઓના પ્રાસંગિક ઉદ્બોધન બાદ સંસ્થામાં રોટરી કલબ દ્વારા સ્થાપિત આર.ઓ. પ્લાન્ટનું રોટરી કલબના પ્રમુખ તથા પ્રોજેકટ ચેરમેનના વરદ્ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થાના વિવિધ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બી.કોમ. તથા બી.એડ્.ના વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ, નાટક, સમૂહગીત અને વકતવ્ય રજૂ કરવામાં આવ્યા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના નિયામકશ્રી જાગૃતિબેન પંડયા, બી.એડ્. વિભાગના ઈ.આચાર્ય આશ્કાબેન શુકલ તથા દરેક વિદ્યાશાખાના અધ્યાપકોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરા પાડયા હતા.



નવયુગ સાયન્સ કોલેજમાં તા. ૧-૮-૧૫ થી તા. ૧૪-૮-૧૫ સુધી મહિલા સશકિતકરણ પખવાડિયા તરીકે ઉજવણી થઈ હતી. જે અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. આ દરમ્યાન મહિલા સશકિતકરણ રેલી, કેમ્પસ સફાઈ, એન.સી.સી. પરેડ દરમ્યાન વિદ્યાર્થિનીઓએ '૫-ગુજરાત બટાલીઅન' દ્વારા હથિયાર નિદર્શન અને તેની વિસ્તૃત જાણકારી, જિલ્લા કેરીયર કાઉન્સેલર, સુરત શ્રી બિપીન માંગુકીયા દ્વારા કેરીયર ગાઈડન્સ તથા યોગ પ્રશિક્ષક પ્રા. જે.પી. પટેલ દ્વારા યોગ-પ્રશિક્ષણ અને તેના ફાયદા અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સર્વે કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. એ.એસ. પટેલ હાજર રહી વિદ્યાર્થિનીઓએ પ્રોત્સાહિત કરી હતી.

## સ્પર્ધા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ

સાયકલીંગ સ્પર્ધા (ભાઈઓ-બહેનો)નું આયોજન વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બીલીમોરા મુકામે તા. ૧૦-૮-૧૫ના રોજ થયું હતું. સદર સાઈકલીંગ સ્પર્ધામાં કુલ ૫૦ કી.મી.નું. અંતર કાપવાનું હતું. જેમાં સમગ્ર યુનિવર્સિટીની તમામ કોલેજો પૈકી કુલ ૪૫ જેટલા ખેલાડી ભાઈઓએ ભાગ લીધો હતો. જેમાં સાબરગામ કોલેજના એફ.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતા શ્રી પ્રિયાન્સુ મિશ્રા બીજા ક્રમે અને શ્રી ગૌરવ તિવારી પાંચમા ક્રમે આવ્યા હતા. સદર સાઈકલીંગ સ્પર્ધાની પૂર્વ તૈયારી માટે કોલેજના આસિ. પ્રોફેસર ઈન ફીઝીકલ એજયુકેશન પ્રા. મેહુલ પી. ગાંધીએ જહેમત ઉઠાવી હતી. કોલેજ પરિવારના પ્રમુખશ્રી બળદેવસિંહજી મહીડા, મંત્રીશ્રી ઈશ્વરલાલ જી. પટેલ, સહમંત્રીશ્રી ધનસુખભાઈ પટેલ, અન્ય તમામ ટ્રસ્ટી મંડળના સભ્યો, આચાર્યશ્રી ડૉ. બી.કે. ભટ્ટ સાહેબ તથા કોલેજ પરીવારે બંને વિદ્યાર્થઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.



તા. ૧/૨-૯-૧૫ના રોજ યુનિવર્સિટી આંતર કોલેજ બોકસીંગ સ્પર્ધા, સરકારી મહાવિદ્યાલય દમણમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં ડીપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એડમીનીસ્ટ્રેશનનાં ભાગ-૧નાં વિદ્યાર્થી શ્રી પ્રધાન નારાયણ ડી. દ્વારા વેઈટ કેટેગરી ૫૨-૫૬ કિલોની કક્ષામાં ભાગ લેવામાં આવ્યો હતો. શ્રી પ્રધાનને આ સ્પર્ધામાં રજતચંદ્રક પ્રાપ્ત કરી છે. પબ્લિક એડમીનીસ્ટ્રેશન વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ આ સિદ્ધી મેળવવા બદલ પ્રધાનને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ અંકલેશ્વર સ્થિત સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં ૧૫મી ઓગષ્ટ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દેશ ભકિત ગીત સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું હતું. સંસ્થાના પ્રેરણામૂર્તિ પરમ પુજય સ્વામીશ્રી નારાયણસ્વરૂપ દાસજી સ્વામી, મેનેજીંગ ટ્રસ્ટી સ્વામીશ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી, તથા ટ્રસ્ટીશ્રી શાસ્ત્રી સ્વામી જયસ્વરૂપ દાસજીએ સૌ તાલીમાર્થીઓને ૧૫મી ઓગષ્ટની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સૌ તાલીમાર્થીઓએ દેશ ભકિત ગીત સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે વિવિધ ગીતોની સુંદર રજૂઆત થઈ હતી. પ્રથમ ક્રમે પરમાર દિવ્યાબેન, દ્વિતીય ક્રમ રાવલ હિનાબેન અને તૃતીય ક્રમે ચોબે પૂજા અને વસાવા વિણાબેન રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાવલ હિનાબેન અને રખડા મોઈનુંદીને કર્યું હતું. નિર્ણાયકની ભૂમિકા પ્રા. ગણેશભાઈ અને પ્રા. દિનેશભાઈએ ભજવી હતી. કોલેજના આચાર્ય ડૉ. કૌશલભાઈ પારેખે સૌ તાલીમાર્થીઓને ૧૫મી ઓગષ્ટની શુભેચ્છાઓ પાઠવી પ્રમાણપત્રોથી પ્રોત્સાહિત કર્યા હતા.

અંકલેશ્વર ખાતે આવેલ સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં નહેરુ યુવા કેન્દ્ર ભરૂચ દ્વારા "સદભાવના" દિવસ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું હતું. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ યુવાન શિક્ષકોને સદ્ભાવના માટે પ્રેરણા આપી હતી. વકતૃત્વ સ્પર્ધામાં મોટી સંખ્યામાં ભાવિ શિક્ષકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા અંતર્ગત તાલીમાર્થીઓ દ્વારા સ્વામિ વિવેકાનંદ અને મિસાઈલ મેન ડૉ. અબદુલ કલામના જીવન પરિચય અને કાર્ય વગેરેન છાંટ પ્રસરાવવામાં આવી હતી. નિર્ણાયક તરીકે પધારેલ મહેમાન શ્રી અનામિકાબેન, શ્રી અનિતાબેન અને શ્રી મેઘાબેન ઉપસ્થિત રહયા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મલેક અરફાના, દ્વિતીય ક્રમે બાધર સાહીન, તૃતિય ક્રમે પરમાર મમતા રહયાં હતા. વિજેતાઓને નહેરુ યુવા કેન્દ્ર તરફથી ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી હીનાબેન અને મોઈનુંદીનએ કર્યું હતું. તેમજ આભારવિધિ પ્રા. ગણેશભાઈ પટેલે કરી હતી. તમામ તાલીમાર્થીઓને ઈ.આચાર્ય ડૉ. કૌશલભાઈ પારેખએ પ્રાસંગિક ઉદ્બોધન કરી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

તા. ૧૪-૮-૧૫, શુક્રવારના દિને ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત, કોમર્સ, બીબીએ અને બીસીએ કોલેજમાં ગીત સંગીત નૃત્ય ધારાનાં ઉપક્રમે દેશભકિત ગીત-સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની પ્રતિભાઓનું સુંદર પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધાના વિજેતાઓના નામ- પ્રથમઃ ધાનેચા કિશન, વાઘેલા પારસ, દ્વિતીય ધાનાની જેનીશ, તૃતીયઃ જૈન અંતિમા. આ કાર્યક્રમના આયોજનમાં તમામ સ્ટાફમિત્રોએ સહકાર આપ્યો હતો. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈના માર્ગદર્શન હેઠળ ગીત સંગીત નૃત્ય ધારા સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.




બીલીમોરાની વી.એસ. પટેલ કોલેજ આફ આર્ટ્સ એન્ડ સાયન્સના ઉપક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આંતર કોલેજ સાયકલીંગ સ્પર્ધા (ભાઈઓ માટે ૫૦ કિ.મી. અને બહેનો માટે 30 કિ.મી.)નું આયોજન તા. ૧૦-૮-૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી દ્વારા તેમજ કોલેજ દ્વારા આવી અનેક સ્પર્ધાઓનું આયોજન થતું રહયું છે. આ સ્પર્ધાનો આરંભ શ્રી ચેતનભાઈ ગૌસ્વામી (પી.આઈ. ક્રાઈમબ્રાંચ), અને શ્રી કિરીટભાઈ પટેલ (સિન્ડીકેટ મેમ્બર, વી.એન.એસ.જી.યુનિ., સુરત)ના વરદ હસ્તે સવારે ૮.30 કલાકે કોલેજ પટાંગણથી લીલીઝંડી ફરકાવીને કરાવવામાં આવ્યું. આ કાર્યક્રમનો પૂર્ણાહૂતિ અને ઈનામ વિતરણ સમારંભ જેમાં મહેમાનો તરીકે શ્રી દયાસ્વરૂપભાઈ પટેલ (પ્રમુખ, બી.વી.કે. મંડળ, બીલીમોરા), શ્રી વી.કે. ગઢવી (સીની.પી.એસ.આઈ., બીલીમોરા પોલીસ સ્ટેશન), શ્રી પરેશભાઈ પટેલ (પ્રમુખ, જી.આઈ.ડી.સી., બીલીમોરા) હાજર રહેલ હતા. કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ.એન. વશી, ઉપાચાર્ય શ્રીમતી ડૉ. આશાબેન ભટ્ટ, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડૉ. ભાવેશ દેવતા, તેમજ તમામ સ્ટાફ સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા અથાગ અને અવિરત પરિશ્રમ કર્યો છે. પરિણામઃ ભાઈઓ- ચેમ્પીયનઃ વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા. રનર્સઅપઃ એ.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ, બીલીમોરા. બહેનોઃ ચેમ્પીયનઃ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા. રનર્સઅપઃ વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા.

જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી અને લાયન્સ કલબ ઓફ સુરત, નોર્થના સંયુકત ઉપક્રમે મંગળવાર તા. ૧૧-૮-૧૫ના રોજ સપ્તધારા અંતર્ગત આંતરકોલેજ પુસ્તક પરિચય સ્પર્ધાનું અમરોલી ખાતે આયોજન કરવામાં આવ્યું

હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરની વિદ્યાર્થિની કુ. પૂનમ પાટીલે ઉત્કૃષ્ટ દેખાવ કરીને દ્વિતીય ક્રમે વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું. ઉત્કૃષ્ટ દેખાવ કરીને કોલેજને ગૌરવ અપાવવા બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક, જ્ઞાનધારાના ઈન્ચાર્જ અધ્યાપક પ્રા. કે.આર. ભાવસાર તથા સમગ્ર કોલેજ પરિવારે કુ. પૂનમ પાટીલને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃત્તિ હેઠળ "સર્જનાત્મક અભિવ્યકિતધારા" હેઠળ સલાડ ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધકો દ્વારા જુદા જુદા શાકભાજી અને ફળોને વિવિધ આકારમાં કાપીને સુંદર કૃતિઓ જેવી કે પંખીઓ, હોડી, બેટ, પુષ્પગુચ્છ વગેરે તૈયાર કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા તરીકે મિસ્ત્રી આયુષી એસ., એફ.વાય.બી.કોમ., દ્વિતીય વિજેતા પ્રજાપતિ પૂજા આર., ટી.વાય.બી.કોમ અને તૃતીય વિજેતા સરદાર કુલદીપ કે., એફ.વાય.બી.કોમ. બન્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કોલેજના પ્રા. સોનલબેન વસાવા તેમજ પ્રા. યોગિનીબેન મિસ્ત્રીએ સેવા આપી હતી. કોલેજના આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીએ તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. વર્ષાબેન રાણાએ કર્યું હતું. એ.વી. પટેલ કોમર્સ કોલેજની સ્ટુડન્ટ કાઉન્સિલની "સાંસ્કૃતિક કમિટિ" અને ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃત્તિની "ગીતસંગીત અને નૃત્યધારા" હેઠળ વર્ષાગીત સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. આ સ્પર્ધામાં ૧૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં હિન્દી તથા ગુજરાતી ફિલ્મી-ગૈરફિલ્મી ગીતો સ્પર્ધકોએ રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ- ભૂમિક એ. દેસાઈ, ટી.વાય.બી.કોમ., દ્વિતીય- જયોતિ એમ. પટેલ, એસ.વાય.બી.કોમ. અને તૃતીય- સંયુકત વિજેતા ધ્રુવી જી. ટંડેલ અને હેમાક્ષી કે. કોન્ટ્રાકટર રહયાં હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. વાય. જે. દેસાઈ અને પ્રા. વી.ટી. રાણાએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. એન.બી. સોલંકીએ કર્યું હતું.

એ.વી. પટેલ કોમર્સ કોલેજની સપ્તધારા અન્વયે "ગીત-સંગીત અન નૃત્યધારા" તથા એન.એસ.એસ.ના સંયુકત ઉપક્રમે દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રથમઃ મિસ્ત્રી નેહા ટી.વાય.બી.કોમ., દ્વિતીયઃ પટેલ જયોતિ એમ., એસ.વાય.બી.કોમ. તથા તૃતીય ક્રમ ભગત રંજન આર.,એફ.વાય.બી.કોમ., અને દેસાઈ ભૂમિક એ., ટી.વાય.બી.કોમ.સંયુકત વિજેતા રહયાં હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. હેમાંગીબેન સરૈયાએ સેવા આપી હતી. કોલેજના આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીએ તમામ સ્પર્ધઓને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. એન.બી. સોલંકી તથા પ્રા. વાય.જે. દેસાઈએ કર્યું હતું. સપ્તધારા પ્રવૃત્તિ હેઠળ "સર્જનાત્મક અભિવ્યકિતધારા" હેઠળ કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધકોએ જુદા જુદા કવિઓની સુંદર કૃતિઓ ભાવાત્મક રીતે રજૂ કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમઃ કોનાર પ્રિયંકા સી., એફ.વાય.બી.કોમ, દ્વિતીયઃ ગાંગાણી પૂજા જે., એફ.વાય.બી.કોમ. અને તૃતીયઃ ગોહિલ છાયા બી., એસ.વાય.બી.કોમ. રહયા હતા. પ્રા. એન.બી. સોલંકી અને પ્રા. દિપીકાબેન લાડે નિર્ણાયક તરીકેની મહત્વની ભૂમિકા ભજવી હતી. કોલેજના આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીએ તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. વી.ટી. રાણાએ કર્યું હતું. ૫૧મી ગુજરાત સ્ટેટ રાયફલ શુટીંગ સ્પર્ધા તા. ૧૫-૮-૧૫ થી ૧૮-૮-૧૫ દરમ્યાન વડોદરા ખાતે યોજાઈ હતી. જેમાં એ.વી. પટેલ કોમર્સ કોલેજ બીલીમોરાના વિદ્યાર્થી જયસ્વાલ શિવકુમાર એમ. ટી.વાય.બી.કોમ.ની નેશનલ લેવલ કોમ્પીટીશન માટે પસંદગી થઈ છે. આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલી, પી.ટી.આઈ. સોનલબેન વસાવા અને સમગ્ર કોલેજ પરિવાર અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત આયોજિત આંતર કોલેજ સાયકલીંગ સ્પર્ધા વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા ખાતે યોજાઈ હતી. જે સ્પર્ધામાં વિવિધ કોલેજના ૫૫થી વધારે સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં એ.વી. પટેલ કોમર્સ કોલેજ બીલીમોરાના ભાઈઓની ટીમ ૮૫ પોઈન્ટ મેળવી રનર્સઅપ થઈ હતી. કોલેજના આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલી તથા કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

હાલમાં તા. ૨૪ થી ૨૬ જુલાઈ ૨૦૧૫ના રોજ છત્તીસગઢ યોગ સ્પોર્ટ્સ એસોસીયેશન મુકામે નેશનલ યોગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સાસ્કમાં ઈંગ્લિશ મીડીયમ કોમર્સ કોલેજના એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થી શ્રી માલી રવીન્દ્રએ યોગ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. આ સિધ્ધી બદલ કોલેજના ટ્રસ્ટીશ્રી, ડાયરેકટરશ્રી ડૉ. યુ.ટી. દેસાઈ, ઈ.આચાર્યશ્રી રુચિબેન દેસાઈ અને સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં. ફિઝીકલ એજયુકેશનન સાહેબશ્રી ઉમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૩૧-૭-૧૫ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર રેખાચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી હેતલબેન દેસાઈએ સેવા પૂરી પાડી હતી. કોલેજના અઠ્ઠાવીસ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લઈ સ્પર્ધાને સફળ બનાવી હતી. સીમ્ટે સિંઘ પ્રથમ, કુ. રોશની શર્મા દ્વિતીય, તથા કુ. સફીના મનસુર તૃતીય વિજેતા જાહેર કર્યા હતા. સ્પર્ધાનું સંચાલન ડૉ. દક્ષા ઠાકોરે કર્યું હતું. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક તથા સ્ટાફમિત્રોએ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન અને ગવર્મેન્ટ કોલેજ દમણ દ્વારા આયોજીત આંતર કોલેજ ક્રોસ કન્ટ્રી ૧૨.૫૦ કી.મી. દોડ સ્પર્ધામાં વિવિધ કોલેજોમાંથી કુલ બસો ત્રણ ખેલાડી ભાઈઓએ ભાગ લીધો હતો. જેમાં વલસાડની પ્રતિષ્ઠિત શાહ એન.એચ. કોમર્સ કોલેજ એસ.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતા શ્રી ઘીટકા વિષ્ણુ કાશીરામભાઈ ૦.૪૬.૫૩ મિનિટનો સમયમાં પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા અને આંતર યુનિવર્સિટી ક્રોસ કન્ટ્રી ભાઈઓની ટીમમાં પસંદગી પામ્યા છે. કોલેજના વિદ્યાર્થીએ મેળવેલ વિશિષ્ટ સિધ્ધી બદલ આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક, જીમખાના અધ્યક્ષ પ્રા. મુકેશભાઈ પટેલ તેમજ સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને અગાઉથી સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવવામાં આવે છે.

શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર ખાતે જિલ્લા વ્યવસાય માર્ગદર્શન સલાહકાર સમિતિના નેજા હેઠળ "વર્તમાન યુગમાં ડિઝિટલ ક્ષેત્રની ઉપયોગિતા" વિષય પર યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં શાહ એન.એચ. કોમર્સ કોલેજની વિદ્યાર્થિની કું. ફોરમ રોણવેલીયાએ ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરતાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી પારિતોષિત અને સર્ટીફિકેટ મેળવ્યાં હતા. આ સિધ્ધી બદલ પ્રિ. ડૉ. જે.એમ. નાયક, ઉપાચાર્ય શ્રી ટી.જી. પટેલ, ડિબેટ કમિટી અધ્યક્ષ પ્રા. કે.સી. પટેલ તથા સ્ટાફ પરિવારે કુ. ફોરમને અભિનંદન પાઠવ્યા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧-૮-૧૫ ના રોજ મહિલાઓના સામાજીક ઉત્થાનના કાર્યમાં તથા સમાજવિકાસના

કાર્યમાં સતત ગુંથાયેલી સ્ત્રીઓના રેખાચિત્રની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ચુમાળીસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી હેતલબેન દેસાઈએ નિષ્પક્ષ ન્યાય પૂરો પાડી શ્રી સુરજ દાંડાપત પ્રથમ ક્રમે, શ્રી કિરન પાલને દ્વિતીય ક્રમે તથા કુ. સાધના પાંડે તૃતીય ક્રમે વિજેતા જાહેર કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. દક્ષા ઠાકોરે કર્યું હતું. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક, તથા સ્ટાફ પરિવારે મોટી સંખ્યામાં સ્પર્ધામાં ભાગ લેવા બદલ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૨-૮-૧૫ના રોજ એન.એસ.એસ. તથા રેડ રીબન કલબના ઉપક્રમે એચ.આઈ.વી. જાગૃતિ પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ છવ્વીસ વિદ્યાર્થીઓએ ખુબ સરસ રંગીન પોસ્ટરો બનાવ્યાં હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી હેતલબેન દેસાઈએ સેવા પૂરી પાડી હતી. કુ. ટિવંકલ પાટિલ પ્રથમ, કુ. મેઘા ગોરડ દ્વિતીય તથા દેવાંગ કંટારિયા તૃતીય, વિજેતા જાહેર કર્યા હતા. સ્પર્ધાનું સંચાલન ડૉ. દક્ષા ઠાકોરે કર્યું હતું. સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા બદલ તમામ સ્પર્ધકોને આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક તથા સમગ્ર સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૪-૮-૧૫ના રોજ ગીત સંગીત નૃત્યધારા અંતર્ગત દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ત્રેવીસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે કોલેજની જ ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુ. ફાલ્ગુની પટેલે તથા એડહોક ફેકલ્ટી શ્રીમતી ડેઝીએ સેવા પૂરી પાડી હતી. આ સ્પર્ધામાં કુ. વૈશાલી નાંદ્રા પ્રથમ, શ્રી ઠાકરે સમીર દ્વિતીય તથા કુ. દરક્ષા પઠાણ અને શ્રી પિંકલ માહયાવંશી તૃતીય વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ કલાકારોને આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમનું આયોજન ડૉ. દક્ષા ઠાકોરે કર્યું હતું.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલમોરા ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ માટે એક નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. પ્રસ્તુત નિબંધ સ્પર્ધા માટે જગતને 'યુધ્ધ નહિ બુધ્ધની જરૂર છે', ભારતીય ઉત્સવોની ઉજવણી ઉત્સવ કે ઔપચારિકતા, વિજ્ઞાનના સંત... ડૉ. કલામ, શિક્ષણમાં ખાનગીકરણ ઉથ્થાન કે પતન, 'આધુનિક નારી-દશા અને દિશા' જેવા વિષયો રાખવામાં આવ્યા હતા. ઉકત સ્પર્ધામાં કુલ ૧૪ બી.એડ્. કોલેજના સ્પર્ધકોએ ભાગ લઈ સ્પર્ધાને ધારદાર બનાવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયના પૂર્વ પ્રશિક્ષણાર્થી અને હાલમાં એલ.એમ.પી. રેવા એક્ષપેરિમેન્ટલ હાઈસ્કૂલના આચાર્યશ્રી જયેશભાઈ પટેલ તથા વી.એસ. પટેલ આર્ટ્સ કોલેજના અધ્યાપકશ્રી ડૉ. જયંતભાઈ પટેલે સેવા પૂરી પાડી હતી. પ્રથમ વિજેતા ખંભાતી અર્પિતા (કામરેજ બી.એડ્. કોલેજ), દ્વિતીય વિજેતા ટંડેલ ટવીંકલ (બીલીમોરા બી.એડ્. કોલેજ), તૃતીય વિજેતા આગલે કેતનભાઈ (કરચેલિયા બી.એડ્. કોલેજ) ઘોષિત થયા હતાં. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સર્ટિફિકેટ અને ત્રણેય વિજેતાઓને કોલેજ દ્વારા ટ્રોફી સાથે સર્ટીફિકેટ એનાયત કરાયા. સમગ્ર સ્પર્ધાનું આયોજન ડૉ. મનસુખભાઈ પટેલ અને ડૉ. વિનયભાઈ પટેલે કર્યું હતું.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે તા. ૧૯-૮-૧૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજના તલીમાર્થીઓ માટે એક વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. પ્રસ્તુત વકતૃત્વ સ્પર્ધા માટે જેમાં ઈન્ટરનેટ આફત કે આશીર્વાદ, લોકશાહીની સફળતામાં નારીની ભાગીદારી, આધ્યાત્મિક શિક્ષણ અને વ્યકિત વિકાસ, પાણી અને વાણીને વિવેકપૂર્વક ઉપયોગ, શિક્ષક શિક્ષણનો દૂત કે સરકારી નોકર જેવા વિષયો રાખવામાં આવ્યા હતા. ઉકત સ્પર્ધામાં કુલ ૧૪ બી.એડ્. કોલેજના સ્પર્ધકો ભાગ લઈ સ્પર્ધાને ધારદાર બનાવી હતી. આ સ્પર્ધાના ઉદ્દ્ઘાટન સમારોહમાં આઈ.ટી.આઈ. કોલેજ, બીલીમોરાના આચાર્યશ્રી વિક્રમભાઈ જોષી અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહી પ્રેરક ઉદ્બોધન કર્યું હતું. જયારે સ્પર્ધાનાં સમાપન સમારોહમાં એલ.એમ.પી. પ્રાથમિક વિભાગ, બીલીમોરાના આચાર્યા શ્રીમતિ પાકીઝાબેન મિસ્ત્રી અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહયાં. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયના પૂર્વ અધ્યાપકશ્રી ડૉ. મોહનભાઈ પટેલ તથા જે.જે. મહેતા હાઈસ્કૂલ, બીલીમોરાના શિક્ષકશ્રી ઉમેશભાઈ મહેતાએ સેવા પૂરી પાડી હતી. ઉદ્દ્ઘાટન અને સમપાન સમારોહમાં કોલેજના સુકાની ડૉ. કિશોર આર. નાયકે મહેમાનોનું સ્વાગત કરી સ્પર્ધાનું મહત્વ સ્પષ્ટ કર્યું હતું. વકતૃત્વ સ્પર્ધાના અંતે પ્રથમ વિજેતા પૂરોહિત ઓમપ્રકાશ (પાંડેસરા બી.એડ્. કોલેજ), દ્વિતીય વિજેતા સુથાર અંજનાબેન (વાંસદા બી.એડ્. કોલેજ), તૃતીય પટેલ ચાંદનીબેન (શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા) અને વિજેતા આહિર તેજસ (નારણલાલા બી.એડ્. કોલેજ) ઘોષિત થયા હતા. ચારેય વિજેતાઓને કોલેજ દ્વારા ટ્રોફી સાથે સર્ટિફિકેટ અપાયા હતા. ભાગ લેનાર અન્ય સ્પર્ધકોને પણ સર્ટિફિકેટ અપાયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. રોશનીબેન પટેલ તથા ડૉ. શીતલબેન વસાવાએ કર્યું હતું. આભાર દર્શન ડૉ. કલ્પેશભાઈ ટંડેલે કર્યું હતું. સમગ્ર સ્પર્ધાનું આયોજન ડૉ. મનસુખભાઈ પટેલ અને ડૉ. વિનયભાઈ પટેલે કર્યું હતું.

શહેરની અગ્રણી સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત, સર કે.પી. કોલેજ ઓફ કોમર્સમાં તા. ૨૦-૮-૧૫ના રોજ ઈન્ટર કોલેજ મહેંદી સ્પર્ધાનું કલાત્મક આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી. જરીવાલાના માર્ગદર્શન અને પ્રોત્સાહન વડે યાજાયેલ આ સ્પર્ધાની શરૂઆત ઈન્ચાર્જ આચાર્યાશ્રીના શુભ હસ્તે દિપ પ્રાગટય કરીને કરવામાં આવી હતી. વિવિધ કોલેજમાંથી ૨૮૦ સ્પર્ધકોએ ભાગ લઈ સ્પર્ધાને રોમાંચક અને સફળ બનાવી હતી. ''આયા સાવન ઝુમકે' આ ટાઈટલ હેઠળ, વરસાદને આવકારવા માટે યોજાયેલ આ સ્પર્ધાને કારણે કોલેજ કેમ્પસમાં ઉત્સવનું વાતાવરણ સર્જાય ગયું હતું. આ મહેંદી સ્પર્ધાના ત્રણ પ્રકારો રાખવામાં આવ્યા હતા. ૧) ટ્રેડિશનલ મહેંદી ૨) અરેબિક મહેંદી ૩) જવેલરી મહેંદી સ્પર્ધા. આ ત્રણેય સ્પર્ધામાં સ્પર્ધકોએ મંત્રમુગ્ધ કરી દેતી કલાત્મક મહેંદીનું દર્શન કરાવ્યું હતું. નિર્ણાયકોને નિર્ણય લેવામાં ભારે મહેનત કરાવી હતી. આ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર કે.પી. કોલેજ ઓફ કોમર્સના પ્રા. શ્રીમતી એસ.પી. દેસાઈ, પ્રા. ડૉ. એચ.એ. દેસાઈ તથા પ્રા. શ્રીમતી બિનીતાબેન ઘીવાલાએ સેવા આપી હતી. આ સ્પર્ધાને સફળ બનાવવા માટે સમગ્ર કોલેજ પરિવારે અથાક મહેનત કરી હતી. આ સ્પર્ધાના વિજેતાઓને કોલેજના ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી. જરીવાલા તથા મહેમાનોના શુભહસ્તે ખુબ જ આકર્ષક ટ્રોફી તથા સર્ટિફિકેટનું વિતરણ કરીને સૌ સ્પર્ધકોનું અભિવાદન કર્યું હતું.

વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજમાં તા. ૪-૯-૧૫ના રોજ ભજન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૨૬ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ પટેલ સેજલભાઈએ અને દ્વિતીય ક્રમ પટેલ કેલ્વિનભાઈએ પ્રાપ્ત કર્યો હતો. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. રેશમાબેન અને પ્રા. જયશ્રીબેન રાવલજીએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થિની પટેલ પ્રીતિબેને અને આયોજન પ્રા. શિતલબેન ધુલીયાએ કર્યું હતું. કોલેજ પરિવાર વિજેતા તાલીમાર્થીઓને અભિનંદન પાઠવે છે.

સ્પ રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપી ખાતે તા. ૧૨-૮-૧૫ના રોજ મહિલા સશકિતકરણ પખવાડિયા ઉજવણી અંતર્ગત વિમેનસેલ દ્વારા વાપી સ્થિત મહેંદી, કેશગૂંફન, નેઈલ ચાર્ટ અને આરતી સુશોભન સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં વાપીની વિવિધ કોલેજોના ૬૫ વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અલગ અલગ સ્પર્ધામાં વિજેતા થનારા વિદ્યાર્થીઓ આ પ્રમાણે છેઃ અરેબિક મહેંદીઃ ૧. પટેલ હેતલ (રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ), ૨. પટેલ તકશીલા (રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ). સાદી મહેંદીઃ ૧. હળપતિ ભાવિની (રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ), ૨. મિસ્ત્રી કરીશ્મા (રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ). નિર્ણાયકની ભૂમિકા- શ્રી રીમાબેન (ઈનર વ્હીલ પ્રેસિડન્ટ), શ્રી પ્રીતિબેન (ઈનર વ્હીલ સેક્રેટરી). કેશગૂંફનઃ ૧. પ્રજાપતિ લલિતા (આર.કે. દેસાઈ કોલેજ, ૨. પટેલ કિન્નરી (રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ). નેઈલ આર્ટઃ ૧. શેખ કાઈનાત (કે.બી.એસ. કોલેજ), ૨. પટેલ પાશ્વી (આર.કે. દેસાઈ કોલેજ). નિર્ણાયકની ભૂમિકાઃ યોગીબેન (ઈનરવ્હીલ મેમ્બાર), ક્રિષ્નાબેન. આરતી સુશોભનઃ ૧. પટેલ સોનલ (રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ), ૨. પરમાર રાજવી (રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ). નિર્ણાયકની ભૂમિકાઃ શ્રી ઈલાબેન, શ્રી પૂર્વીબેન. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન ડૉ. ખ્યાતિબેન વ્યાસે કર્યું હતું. પ્રા. પૂજાબેન દેસાઈ અને સુજાતાબેન પટેલે સહાયક ભૂમિકા ભજવી હતી. પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈએ સમગ્ર પ્રોગ્રામ સફળતાપૂર્વ પાર પાડવા ઉત્કૃષ્ટ માર્ગદર્શન પૂરું પાડયું હતું.

સ્પ સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત ઈવનીંગ કોમર્સ કોલેજમાં તા. ૭-૮-૧૫ના રોજ આંતર વર્ગીય મહેંદી સ્પર્ધા અને ચિત્રકળા સ્પર્ધા તેમજ તા. ૮-૮-૧૫ના રોજ રંગોળીસ્પર્ધા અને "Funny Selfie' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં "Funny Selfie" માં એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થી પરમાર સાગર, મહેંદી સ્પર્ધામાં એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની મંદિરવાલા તન્વી, ચિત્રકળા સ્પર્ધામાં ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની ખરોસે ધ્વનિ તેમજ રંગોળી સ્પર્ધામાં એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની સોનાવાલા શિવાની પ્રથમ ક્રમાંકે આવ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું આયોજન કોલેજના ઈન્ચાર્જ આચાર્ય શ્રી બંટી કે. શાહના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. જેને સફળ બનાવવા સમગ્ર કોલેજ પરિવારે પણ સહકાર આપ્યો હતો.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે "મને ગમતું પુસ્તક" વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. પુસ્તકનો સંગ એટલા માટે શ્રેષ્ઠ છે કે માણસના એકાંતનો એક માત્ર એ ઈસ્ટમિત્ર છે. મન અને ચિત્તને સતેજ કરી ચેતન પૂરું પાડે છે. વાંચન માનવીના સમગ્ર જીવનમાં પ્રેરણા, પ્રસન્નતા અને પ્રોત્સાહન પૂરા પાડે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ડી., ટી.વાય.બી.કોમ.એ વોલ્ટ આઈઝેકશનના "સ્ટીવ જોબ્સ" પુસ્તક પર, સરદાર હરમિતસિંગ એસ., એસ.વાય.બી.કોમ.એ આદિત્ય વાસુના "ભારતીય સંસ્કૃતિમાં આવુ કેમ?" પુસ્તક પર, મિશ્રા ખૂશ્બૂ એન., એફ.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) એ ડેવિડ જે. કવાયર્ઝના "ધ મેજીક ઓફ થીંકીંગ બીગ" પુસ્તક પર, ધુમલ ક્રિષ્ણા વાય. એફ.વાય.બી.કોમ. (અંગ્રેજી માધ્યમ)એ જયાર્જ ઈલીયટના "સિલાસ માર્નર" પુસ્તક પર પોતાના વિચારો રજૂ કરી જીવનમાં વાચનનું મહત્વ સમજાવ્યું અને વિદ્યાર્થીઓને ભય કેવી રીતે દૂર કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્યશ્રી ડૉ. ભારતીબેન પંચોલી અને અધ્યાપકોએ હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન તથા આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ. પટેલે કરી હતી.

## મુલાકાત

મુ શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ.ના ચાળીસ જેટલા સ્વયંસેવકોએ સ્વતંત્ર્યતા પર્વની ઉજવણીના ભાગરૂપે વલસાડ ખાતે આવેલ અંધજનશાળાની મુલાકાત લીધી હતી. ત્યાં ઉપસ્થિત એકસો એસી જેટલા બાળકોને નાસ્તો કરાવી, તેમની સાથે વિચારગોષ્ઠી કરી 'સ્વતંત્ર્યતા પર્વ ઉજવણી' વિષય ઉપર પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધા માટે જરૂરી સામગ્રી ડ્રોઈંગ પેપર, કલર વગેરે કોલેજમાંથી પૂરું પાડવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી જે.એમ. નાયકે સ્વયંસેવકોની આ ઉમદા કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમ અંગે જરૂરી માર્ગદર્શન અને વ્યવસ્થા ડૉ. દક્ષા ઠાકોર અને પ્રા. એમ.એ. મુલ્લાએ સંભાળ્યા હતા.

મુ તા. ૨૮-૭-૧૫ના રોજ અલૂણા વ્રત નિમિત્તે સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત ઈવનીંગ કોમર્સ કોલેજની વિદ્યાર્થિનીઓએ ઈન્ચાર્જ આચાર્ય પ્રા. બંટી કે. શાહ તેમજ એન.સી.સી. અને એન.એસ.એસ. સમિતિના સહકાર હેઠળ ઘોડદોડ સ્થિત ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાળા અંધજન માધ્યમિક શાળાની મુલાકાત લીધી હતી. તેમજ પ્રજ્ઞાચક્ષુ બાલિકાઓની કોમળ હથેળીમાં મહેંદી મુકી અંતરાત્માંથી આનંદ અનુભવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં અંધજન શાળાનાં ઈન્ચાર્જ આચાર્યા તેમજ તેમનાં શાળા પરિવારનો પણ સહકાર મળ્યો હતો.

## વ્યાખ્યાન

વ્યા રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં તા. ૧૦-૮-૧૫ના રોજ એન.એસ.એસ.ના ઉપક્રમે શાહ એન.એચ. કોમર્સ કોલેજના પ્રિ. શ્રી જે.એમ. નાયક સાહેબનું સુંદર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં NSSની સ્થાપનાથી લઈને તેનું મહત્વ 'not me, but you'ની ભાવના, સર્વાંગી વ્યકિતત્વનો વિકાસ, રાષ્ટ્રીય ભાવના-દેશપ્રેમ, સમાજપ્રેમ વગેરે વિશે વાત કરી હતી. સ્વાગત પ્રવચન પ્રા. અનિતાબેન મહેતા, આભારવિધિ પ્રા. મૂકેશભાઈ થાનકી, સભા વ્યવસ્થાની સુંદર કામગીરી પ્રા. પૂજાબહેન દેસાઈએ સમગ્ર આયોજન પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ સુચારુ રીતે પૂર્ણ થયું હતું. આ ઉપરાંત પ્રા. પૂજાબહેન દેસાઈની NSSના નવા પ્રોગ્રામ ઓફિસરની નિમૂણંકને વિદ્યાર્થીઓએ ઉમળકાભેર વધાવી અને આવકારી હતી.

વ્યા શ્રી સર્વોદય મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, ઘોડદોડ રોડ, સુરતમાં તા. ૨૫-૮-૧૫ને મંગળવારના રોજ બપોરે ૧૧.૩૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી શિક્ષણ વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ. રાજેન્દ્રભાઈ બી. પટેલ "વાંચનના કાંટાઓ" વિષય પર પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું. જેમાં ભાવિ શિક્ષકની વાંચન પ્રત્યેની જવાબદારી, વાંચન પ્રત્યેનએ રસ વિષે વિશદ્ ચર્ચા કરી હતી. આભાર વિધિ કોલેજના પ્રિ. ડૉ. કમલેશભાઈ ડામોરે કરી હતી.

વ્યા અત્રેની શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની સાહિત્યિક વાદ્ સમિતિનાં ઉપક્રમે "નર્મદઃ જીવન અને કથન" વિષય પર શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડના ગુજરાતી વિભાગના અધ્યાપક પ્રા. અનિલભાઈ પટેલનું વ્યાખ્યાન યોજાયું હતું. આ પ્રસંગે બોલતાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકે જણાવ્યું હતું કે આપણી યુનિવર્સિટીને નર્મદનું નામ મળ્યું તે પાછળ નર્મદના સદકાર્યોને આભારી છે. આ નર્મદ ખરેખર કોણ હતા તે આજના વકતવ્યમાંથી જાણવા મળ્યું. શ્રી અનિલ પટેલે નર્મદ સાહિત્ય અને કુરિવાજો સામે પોકારેલો બંડની માહિતી આપી અનેક પ્રકારે નર્મદના યોગદાનની વાતો વણી લીધી હતી. કાર્યક્રમમાં પ્રા. આર.પી. પટેલ, પ્રા. એમ.બી. ચૌહાણ ઉપસ્થિત રહી શ્રોતાઓને પ્રોત્સાહિત કર્યા. આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડિબેટ કમિટિના ચેરમેન પ્રા. કે.સી. પટેલે કર્યું હતું.

## ઉજવણી

ઉ મહિલા સશકિતકરણ પખવાડિયા ઉજવણી અંતર્ગત વિદ્યાર્થિનીઓના સ્વરક્ષણ તાલીમના કાર્યક્રમ અન્વયે વલસાડ-જિલ્લા સુરક્ષા સેતુ સોસયટીના તાલીમ જુથના સંચાલક શ્રી હાર્દિક જોષી તેમજ યોગેશભાઈએ રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં તા. ૬-૮-૧૫ થી તા. ૧૧-૮-૧૫ દરમ્યાન કોલેજની ૬૭ વિદ્યાર્થિનીઓએ માર્સલ આર્ટ્સની જુદી જુદી કળાઓ, કરાટે, કીંગ-ફુની જેવી તાલીમ આપી હતી. જે થકી આ વિદ્યાર્થિની સ્વરક્ષણ માટે શારીરિક એવમ માનસિક રીતે તૈયાર થઈને સક્ષમ બની શકે, જે સાંપ્રત સમયની તાતી જરૂરિયાત છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આચાર્યા શ્રી ડૉ. હેમાલીબેન દેસાઈએ જરૂરી પ્રોત્સાહન પૂરું પાડયું હતું.

મહિલા સશતિકરણ પખવાડિયા ઉજવણી રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં તા. ૮-૮-૧૫ના રોજ સ્ત્રી-હકો અને ફરજો અંગેની જાણકારી માટે નિશાબેન પારેખનું વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન કોલેજની ૧૩૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. નિશાબેને પોતાના વકતવ્ય દરમ્યાન સ્ત્રીઓને મળતા સમાનતાના અધિકારો, સ્વતંત્રતાના અધિકારો, ભારતમાં સ્ત્રીઓ માટેની અગત્યની બંધારણીય અને કાયદાકીય જોગવાઈઓ, તેમજ ફોજદારી દ્વારા (IPC) હેઠળના ગુના અંગેની જાણકારી વિદ્યાર્થિનીઓને આપી હતી. આવા વ્યાખ્યાનોની અનુમતિ આપી કોલેજના આચાર્યા ડૉ. હેમાલીબેન દેસાઈએ જરૂરી પ્રોત્સાહન પૂરું પાડયું હતું.

સમાજમાં મહિલાઓની સ્થિતિમાં સુધારો લાવવા માટે મહિલા સશકિતકરણ અભિયાન રાષ્ટ્રીયસ્તર પર લાવવામાં આવી રહયું છે. તે હેતુને સિદ્ધ કરવા મહિલા સશકિતકરણ પખવાડિયામાં ઉજવણી અંતર્ગત વલસાડ જિલ્લાનો એક દિવસીય પરિસંવાદ રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં તા. ૧૩-૮-૧૫ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં વલસાડ જિલ્લાની જુદી જુદી કોલેજોમાંથી આસરે ૮૬ જેટલી વિદ્યાર્થિનીઓ અને કોલેજના અધ્યાપકો જોડાયા હતા. આ કાર્યક્રમમાં વાપી નગર પાલિકાના પ્રમુખ શ્રી હાર્દિક શાહ - ઈનરવીલ ડ્રીસ્ટ્રીકટ ચેરમેન, સંધ્યાબેન - પ્રેસિડન્ટ ઈનરવીલ કલબ ઓફ વાપી, રીમાબેન - રોટરી કલબ ઓફ વાપીના પ્રેસિડન્ટ જયેશભાઈ, રોફેલ કોલેજના ટ્રસ્ટ સુભાષભાઈ પાંચાલ તેમજ ઈનરવીલ કલબના સભ્યો ઉપસ્થિત રહયાં હતા. કાર્યક્રમના બીજરૂપ બેઠકમાં અલ્પા નાયક મોદી દ્વારા સ્ત્રીસશકિતકરણ, દિપેશ શાહ દ્વારા કારકિર્દી માર્ગદર્શન, લાવણ્યા પટેલ દ્વારા માઈન્ડ પાવર, જાણીતા એડવોકેટ રશ્મિકાબેન મહેતા દ્વારા સ્ત્રીઓને મળતા કાયદાકીય લાભો વિષય ઉપર અને અંતે શ્રી દિનેશભાઈ દ્વારા સ્ત્રી ઉત્થાન માટે પ્રેરણાદાયક વકતવ્ય આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત પ્રવચન કોલેજના આચાર્યા ડૉ. હેમાલીબેન દેસાઈએ કર્યુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. જયાબેન પરમારે કર્યું. આભારવિધિ ડૉ. ખ્યાતિબેન વ્યાસે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સહસંયોજક તરીકે પ્રા. પૂજા દેસાઈ અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## પ્રદર્શન

ધરમપુર સ્થિત શ્રી વી.એચ. પટેલ કોલેજ ઓફ બી.એડ્. (મહિલાઓ)માં શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં EPC (એન્હાન્સાંગીગ પ્રોફેસનલ કોર્સ) અંતર્ગત મેગેઝીન વાંચન સંકલન અને પ્રદર્શન કાર્યક્રમનું આયોજન EPC ના અધ્યક્ષ અનુરાધાબેન અને અમિતાબેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમાં કોલેજના તમામ તાલીમાર્થી બહેનોને વિવિધ વિષયોની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં યોગ, રસોઈ-વાનગીઓ, દાંપત્ય જીવન, રમત-ગમત, આયુર્વેદ, સફળ વ્યકિત-પુરૂષ, ઈતિહાસ, સૌંદય, હાસ્ય, સ્ત્રી અત્યાચાર, ફિલ્મ જગત, વિદ્યાર્થી, ધર્મ કૃષિક્ષેત્રે, શિક્ષણ, સ્વાસ્થય રોગો, વિજ્ઞાન અને તેની શોધ, કારકિર્દી, શિક્ષક, અવકાશ, સફળવ્યકિત સ્ત્રી, બાળક, કુદરતી આફતો, જીવસૃષ્ટિ અને માનસિક બાબતો વગેરે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યા હતા. તાલીમાર્થી બહેનોએ કોલેજના તમામ અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ ઉપલબ્ધ જુદા-જુદા મેગેઝીન અને સમાચાર પત્રો તથા ઈન્ટરનેટનો ઉપયોગ કરીને જે તે વિષય સંબધિત લેખોનું સંકલન કરીને જે તે વિષય પર તા. ૧૧-૮-૧૫ મંગળવારના રોજ દળદાર સામાયિકના રૂપમાં સંકલનનું પ્રદર્શન કર્યું હતું અને તેની ટૂંકમાં રજૂઆત કરી હતી તેમજ પ્રદર્શનમાં ઉપસ્થિત એવા મુખ્ય મહેમાન શ્રી કિશનભાઈ પટેલ તથા બેંક ઓફ બરોડાના અધિકારીઓ હાજર રહયા હતા. તેમજ આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન એ.આર. શાહ (આસી. જનરલ મેનેજર, આર.બી. આઈ., અમદાવાદ)ના હસ્તે કરવામાં આવી હતી.

## કેરિયર કાઉન્સેલીંગ

દિપજયોતિ કોલેજ ઓફ કોમર્સમાં TIME એજયુકેશન પ્રા. લી. વડોદરાના સહયોગથી વિદ્યાર્થી માટે કેરીયર કાઉન્સેલીંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત સમુહ પ્રાર્થનાથી કરવામાં આવી. TIME એજયુકેશન વડોદરાથી ફેકલ્ટી અવધુત ત્રિવેદી, અમનદિપ સિંઘ તથા પ્રતીક રાય ઉપસ્થિત રહયાં. તેઓનો પરિચય-સ્વાગત બી.કોમ.ના પ્રાધ્યાપક હિરલબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું. તેઓનું પુષ્પગુચ્છ થી સ્વાગત શાહ અંજલી, મહમદ રઝા, જેસના જયોર્જ દ્વારા કરવામાં આવ્યું. ફેકલ્ટી અવધુત ત્રિવેદીએ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે જી.સેટ, ગેટ, સી.ટેટ., એ.આઈ.પી.એમ.ટી., જેવી લેવામાં આવતી પ્રવેશ પરિક્ષામાં સફળતા કઈ રીતે મેળવી શકાય તેમના માટે મેથ્સ એબીલીટી, મેન્ટલ એબિલિટી, આઈ.કયુ., જી.કે. જેવા વિષયોને સરળ કઈ રીતે બનાવી શકાય તેની સમજ આપી. ત્યારબાદ ફેકલ્ટી અમનદિપ સિંઘે ગણિત જેવા અઘરા વિષયના ગાણિતિક ઉકેલ સરળ કઈ રીતે બને તથા મોટામાં મોટી રકમના ગુણાકાર, ભાગકાળ, વર્ગમૂળના ઉકેલનું સરળ જ્ઞાન આપ્યુ. આ ઉપરાંત પ્રતિક રાયે મેન્ટલ એબીલીટી લોજિક તથા મેથ્સ એબીલીટી જેવા વિષયોના સરળ ઉકેલ દર્શાવી તે અંગેનું જ્ઞાન આપ્યું. વિદ્યાર્થીઓ માટે સાયકોમેટીક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું. TIME એજયુકેશન ફેકલ્ટી એ વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટે લેવામાં આવતી પરીક્ષાઓનું માર્ગદર્શન આપી આઈ.કયુ., મેથ્સ એબીલીટી, મેન્ટલ એબીલીટી, કોયડાઓ, જી.કે., ઈગ્લીશ જેવા વિષયોનું સરળ અને સચોટ જ્ઞાન આપ્યું. સેશનની પૂર્ણાહૂતિ વંદેમાતરમ્ ગીત દ્વારા કરવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના નિયામક શ્રી જાગૃતિબેન પંડયા તથા બી.કોમ. વિભાગના હેડ શ્રૃતિબેન જોષીએ વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં આ તકનો લાભ લેવા માટે પ્રેરણા પુરી પાડી.

## મૂલ્યાંકન

હાયર એજયુકેશનની ગુણવત્તા સુધારણાના હેતુને ધ્યાનમાં રાખીને તમામ કોલેજો રાષ્ટ્રીય કક્ષાએ NAAC બેંગ્લોર દ્વારા મૂલ્યાંકન કરાવે એ અનિવાર્ય અને આવકાર્ય છે. બીલીમોરા સ્થિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં તા. ૨૬-૨૭ ઓગષ્ટ ૨૦૧૫ દરમ્યાન સંપન્ન થયેલ મૂલ્યાંકન પ્રક્રિયામાં NAAC Pear Team ના ચેર પર્સન તરીકે બનારસ હિંદુ યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ. આશાબેન પાંડે, ડૉ. ઓર્ડિનેટર તરીકે IGNOU ના School of

Education ના ડાયરેકટર ડૉ. એન.કે. દાસ સાહેબ અને મેમ્બર તરીકે એમ.જી.એન. કાલેજ ઓફ એજયુકેશન, જલંધરના પ્રિ. ડૉ. અમિત કોટસ્ સાહેબે ઉપસ્થિત રહી યજમાન સંસ્થાની તમામ ગતિવિધિઓની બારીકાઈથી ચકાસણી કરી હતી. પીયર ટીમની આ મુલાકાત સંસ્થા માટે ખૂબ જ પ્રેરક અને અર્થસભર રહી હતી. મેનેજમેન્ટ અને કોલેજના તમામ સભ્યોએ તેમજ વિદ્યાર્થીઓએ આ મુલાકાતને ખુબ જ ઉમળકાભેર બિરદાવી હતી. મેનેજમેન્ટે અને કોલેજના તમામ સભ્યોએ તેમજ વિદ્યાર્થીઓએ આ મુલાકાતને ખુબ જ ઉમળકાભેર બિરદાવી હતી. મેનેજમેન્ટે કોલેજના આચાર્યશ્રી અને તમામ સ્ટાફને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી પીયર ટીમના સુંદર સહયોગ અને માર્ગદર્શન બાબતે આભારની લાગણી વ્યકત કરી હતી.

હાયર એજયુકેશનની ગુણવત્તા સુધારણાના હેતુને ધ્યાનમાં રાખીને તમામ કોલેજો રાષ્ટ્રીય કક્ષાએ NAAC બેંગ્લોર દ્વારા અને ગુજરાત રાજય સરકારના શિક્ષણ વિભાગના KCG પ્રેરિત AAA-G મૂલ્યાંકન કરાવે એ અનિવાર્ય અને આવકાર્ય છે બીલીમોરા સ્થિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે NAAC ના મૂલ્યાંકન પૂર્વે તા. ૨૬-૨૭ જુલાઈ ૨૦૧૫ દરમ્યાન AAA-Gનું મૂલ્યાંકનની પ્રક્રિયા સંપન્ન કરી છે. પીયર ટીમમ્ના ચેર પર્સન તરીકે આણંદ સ્ટાફ એકેડેમિક કોલેજના ડાયરેકટરશ્રી ડૉ. અશ્વિનભાઈ જાની સાહેબ, કો-ઓર્ડિનેટર તરીકે પાટણ સ્થિત એન.એચ.કે. કોલેજ ઓફ એજયુકેશનના આચાર્ય ડૉ. એસ.પી. શર્મા અને મેમ્બર તરીકે સુરેન્દ્રનગર સ્થિત મૈત્રી વિદ્યાપીઠના આચાર્યશ્રી ડૉ. મહેશભાઈ રાવલ સાહેબે ઉપસ્થિત રહી યજમાન સંસ્થાની તમામ ગતિવિધિઓને બારીકાઈથી ચકાસણી કરી હતી. મંડળના પદાધિકારીઓ, સંસ્થાના પૂર્વ અને પ્રવૃત્ત આચાર્યશ્રી અને સંસ્થાના પૂર્વ અને પ્રવૃત્ત તાલીમાર્થીઓ તમામ માટે આ મૂલ્યાંકન ખૂબ જ પ્રેરક, અર્થસભર રહી હતી. મેનેજમેન્ટ અને કોલેજ પરિવાર ખુબ જ ઉમળકાભેર આ મુલાકાતે બિરદાવી સંતોષ, આનંદ અને ગૌરવની લાગણી વ્યકત કરી હતી. મેનેજમેન્ટે કોલેજના આચાર્યશ્રી અને તમામ સ્ટાફને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી પીયર ટીમના સુંદર સહયોગ અને માર્ગદર્શન બાબતે આભારની લાગણી વ્યકત કરી હતી.

## દીક્ષારંભ

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં દીક્ષારંભ સમારંભ યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભમાં નવા વર્ષના તાલીમાર્થીઓનું કંકુતિલક કરીને સંસ્થામાં વિધિવત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. ભાવવાહી પ્રાર્થના બાદ સંસ્થાના આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકસાહેબે કાર્યક્રમના અધ્યક્ષ અને મુખ્ય વકતા સંસ્થાના પૂર્વ આચાર્ય ડૉ. દિનુભાઈ નાયકસાહેબનું આવકાર સ્વાગત કરીને પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્થાની પ્રગતિમાં પૂર્વ આચાર્ય ડૉ. દિનુભાઈ નાયકસાહેબનો શો ફાળો છે તે જણાવી સંસ્થાની ઐતિહાસિક અને બાજુની વાતો કરી હતી. ત્યાર બાદ દીક્ષારંભ પ્રવચનમાં ડૉ. દિનુભાઈ નાયકે જીવન સુગંધિત બનાવવા જીવનમાં સંવાદિતા કેવી રીતે લાવવી તે ડૉ. રાધાકૃષ્ણન્, નર્મદ, ઓશો તેમજ શ્રી અરવિંદના ઉદાહરણો આપી સમજાવ્યું હતું. કાર્યક્રમના અંતે ઋણસ્વીકાર સંસ્થાના પ્રાધ્યાપક ડૉ. મનસુખભાઈ પટેલે કર્યો હતો. કાર્યક્રમ બાદ ડૉ. દિનુભાઈ નાયકસાહેબે સ્ટાફમિત્રો સાથે મિટિંગ કરીને AAA-G અને NAAC સંદર્ભે માર્ગદર્શન આપી શુભેચ્છા પાઠવી હતી.

## પુસ્તક વિમોચન

ઉપરોકત લોકાર્પણ વિધાનસભાના ઉપદંડક શ્રી અજયભાઈ ચોકસી અને કુલપતિશ્રી દક્ષેશભાઈ ઠાકરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પુસ્તિકા સી.ડી. પચ્ચીગર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. તે સમારંભમાં ટ્રસ્ટના ચેરમેનશ્રી દશરથભાઈ પચ્ચીગર દ્વારા ડૉ. બી.વી. ધાપુલકર ને રૂા. ૨,૦૦૦/- તથા અનુવાદક ડૉ. ઈલાબેન શુકલને રૂા. ૧,૦૦૦/- નું પુરસ્કાર આપવામાં આવેલ હતું. આ સમિટનું આયોજન સ્ટેટ કાઉન્સીલ ઓફ હોમિયોપેથીક ગુજરાત, સી.ડી. પચ્ચીગર હોમિયોપેથીક કોલેજ સુરત તથા સી.એન. કોઠારી હોમિયોપેથીક કોલેજ વ્યારાનાં સંયુકત ઉપક્રમે કરવામાં આવેલ હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ટેકનિકલ સપોર્ટ અપાયેલ હતો.




VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. Naresh Shukla,** Department of Gujarati
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com